RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 235 Dt. 17-12-2024 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# બંધારણ સંશોધન બિલ આજે રજૂ થવાની ધારણા

## બિલ રજૂ કર્યા બાદ સ્પીકર ઓમ બિરલા આ બિલને સંસદની સંયુક્ત સમિતિને મોકલવા વિનંતી કરી શકે છે

નવીદિલ્હી, તા. ૧૬
દેશમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે કરાવવા માટે લાવવામાં આવી રહેલું બંધારણ સંશોધન બિલ મંગળવારે ૧૭ ડિસેમ્બરે લોકસભામાં રજૂ કરવામાં આવી શકે છે. નોંધનીય છે કે આ બિલમાં એવી જોગવાઈ છે જેમાં લોકસભાની ચૂંટણીની સાથે વિધાનસભાની ચૂંટણી પણ થઈ શકે નહીં. આ જોગવાઈમાં ખાસ સંજોગોમાં અલગ-અલગ લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ યોજવાની શરત જણાવવામાં આવી છે. દેશમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે કરાવવા માટે લાવવામાં આવી રહેલું બંધારણ સંશોધન બિલ મંગળવારે ૧૭ ડિસેમ્બરે લોકસભામાં રજૂ કરવામાં આવી શકે છે. નોંધનીય છે કે આ બિલમાં એવી જોગવાઈ છે જેમાં લોકસભાની ચૂંટણીની સાથે વિધાનસભાની ચૂંટણી પણ થઈ શકે નહીં. આ જોગવાઈમાં ખાસ સંજોગોમાં અલગ-અલગ લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ યોજવાની શરત જણાવવામાં આવી છે.

આ બિલ નવી કલમ ૮૨અ દાખલ કરવાની દરખાસ્ત કરે છે, જેમાં લોકસભા અને તમામ વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે કરાવવાની જોગવાઈ છે, અને કલમ ૮૩ (સંસદના ગૃહોનો સમયગાળો), કલમ ૧૭૨ (રાજ્ય વિધાનસભાની અવધિ) અને કલમમાં સુધારાનો પ્રસ્તાવ છે. ૩૨૭ (ચૂંટણીના સંદર્ભમાં જોગવાઈઓ કરવાની સંસદની સત્તા)માં સુધારો કરવામાં આવશે. તે એ પણ જોગવાઈ કરે છે કે તેના અધિનિયમ પછી, સામાન્ય ચૂંટણી પછી લોકસભાની પ્રથમ બેઠકની તારીખે રાષ્ટ્રપતિ દ્વારા એક સૂચના જારી કરવામાં આવશે. સૂચનાની તે તારીખને નિયત તારીખ કહેવામાં આવશે. લોકસભાનો કાર્યકાળ નિયત તારીખથી પાંચ વર્ષનો રહેશે. વિધાનસભાઓનો કાર્યકાળ નિયત તારીખ પછી અને લોકસભાની પૂર્ણ મુદતની સમાપ્તિ પહેલાંનો રહેશે અને વિધાનસભાનો કાર્યકાળ પણ લોકસભાના કાર્યકાળ સાથે સમાપ્ત થશે. ઉલ્લેખનીય છે કે દેશમાં આઝાદી બાદ કેટલાક વર્ષો સુધી લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એક સાથે યોજાતી હતી. જેમાં ૧૯૫૧, ૧૯૫૭, ૧૯૬૨ અને ૧૯૬૭ની સામાન્ય ચૂંટણીઓ સાથે વિધાનસભાની ચૂંટણીઓ પણ યોજાઈ હતી.

બિલ રજૂ કર્યા બાદ મેઘવાલ સ્પીકર ઓમ બિરલાને આ બિલ સંસદની સંયુક્ત સમિતિને મોકલવા વિનંતી કરી શકે છે, જેથી તેના પર ઊંડાણપૂર્વક ચર્ચા થઈ શકે. આ સમિતિની રચના પ્રમાણસર પ્રતિનિધિત્વના આધારે કરવામાં આવશે અને ભાજપ સૌથી મોટો પક્ષ હોવાથી તેનું અધ્યક્ષપદ આપવામાં આવશે. બિલની રજૂઆત દરમિયાન કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ હાજર રહે તેવી શક્યતા છે. અમિત શાહ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની આગેવાની હેઠળની ઉચ્ચ સ્તરીય સમિતિનો ભાગ હતા, જેણે એક સાથે ચૂંટણી યોજવાની ભલામણ કરી હતી. સંસદનું શિયાળુ સત્ર ૨૦ ડિસેમ્બર ૨૦૨૪ સુધી ચાલશે. અગાઉ એવી ચર્ચા હતી કે આ બિલ સોમવારે લોકસભામાં રજૂ કરવામાં આવશે, પરંતુ એવું થયું નહીં. હવે એવું માનવામાં આવે છે કે આ બિલ મંગળવારે ગૃહમાં લાવવામાં આવશે.



### એક રાષ્ટ્ર એક ચૂંટણી બિલને કેબિનેટની મળી છે મંજૂરી

૧૨ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠકમાં 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' બિલને મંજૂરી આપવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન બે ડ્રાફ્ટ બિલને પણ મંજૂરી આપવામાં આવી હતી. સરકારનો હેતુ લોકસભા અને વિધાનસભા ચૂંટણી અલગ કરવાનો છે.

### બિલ પર લોકોના અભિપ્રાય અને વિપક્ષ સાથે વાતચીત

સૂત્રોના જણાવ્યા અનુસાર સરકાર આ બિલ પર સામાન્ય લોકોનો અભિપ્રાય પણ લેવાનું વિચારી રહી છે. આ અંતર્ગત બિલના મુખ્ય પાસાઓ અને તેના ફાયદાઓ પર ચર્ચા કરવામાં આવશે. સમગ્ર દેશમાં એક સાથે ચૂંટણી યોજવાની પ્રક્રિયા, ચૂંટણી વ્યવસ્થાપન અને જરૂરી તૈયારીઓ અંગે ચર્ચા કરવામાં આવશે. તેમજ વિપક્ષી પાર્ટીઓ સાથે વાતચીતની જવાબદારી કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહ, અર્જુન રામ મેઘવાલ અને કિરેન રિજિજુને સોંપવામાં આવી છે.

### 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' બિલનો મુદ્દો શું છે?

આ બિલ લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓની ચૂંટણી એકસાથે કરાવવાની દિશામાં એક ઐતિહાસિક પગલું બની શકે છે. આ લાભો સરકાર દ્વારા જણાવવામાં આવી રહ્યા છે.

# ગુનામાં પંચનામું સીધું થશે કોર્ટમાં જમા

## ગુજરાત પોલીસની નવી એપ્લિકેશન "ઈ-સાક્ષ્ય" : પ્રાથમિક તપાસથી લઈને વિચારણા, ટ્રાયલ સુધી તમામ ચરણોમાં ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે

રાજકોટ, તા. ૧૬
નવા ફોજદારી કાયદા હેઠળ ભારતીય ન્યાય સંહિતામાં ટેક્નોલોજી અને તેના ઉપયોગ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસથી લઈને વિચારણા, ટ્રાયલ સુધી તમામ ચરણોમાં ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ કાયદાકીય પ્રક્રિયા અને તપાસમાં પારદર્શિતાના મામલે મહત્ત્વપૂર્ણ અને મોટો બદલાવ છે. આ ક્રમમાં ભારત સરકારે ઈ-સાક્ષ્ય એપ્લિકેશન લોન્ચ કરી હતી. ગુજરાત પોલીસ દ્વારા પણ ઈ-સાક્ષ્ય એપ્લિકેશનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જેથી ઓનલાઇન એફઆઇઆર નોંધવાની ફાવટ ગુજરાત પોલીસને આવી ગઈ છે.

હવે કોઈપણ ગુનામાં પંચનામું સીધું જ કોર્ટમાં જમા થાય તેવી એપ્લિકેશન ગુજરાતમાં અમલી બની છે. રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોમાં જેમને ગુનાની તપાસ કરવાની સત્તા છે તેવા પોલીસ અધિકારીઓની તેમના મોબાઇલ ફોનમાં




ઈ-સાક્ષ્ય એપ્લિકેશન ડાઉનલોડ કરાવવામાં આવી છે. સાક્ષ્ય નામની આ એપ્લિકેશનથી ગુનાના સ્થળ ઉપર પોલીસ દ્વારા કરવામાં આવતું પંચનામુ સીધું જ કોર્ટમાં જમા થાય છે.

ઈ-સાક્ષ્ય ઍપ્લિકેશન દ્વારા તપાસનીશ પોલીસ કર્મચારીએ પોતાની સેલ્ફી, ફરિયાદીનો ફોટોગ્રાફ, બે પંચના ફોટોગ્રાફ, નામ-સરનામા સહિતની વિગતો આ એપ્લિકેશનમાં અપલોડ કરવાની રહે છે. જે સ્થળે ઘટના બની હોય તે સ્થળની વીડિયોગ્રાફી પણ મોબાઇલ ફોન ઉપર ડાઉનલોડ કરેલી ઈ-સાક્ષ્ય એપમાં તપાસનીશે અપલોડ કરવાનું ગત જુલાઈ મહિનાથી ફરજિયાત બનાવાયું છે. કેટલાક પોલીસ કર્મચારીઓનું માનીએ તો આ ઈ-સાક્ષ્ય એપ્લિકેશન તેમના માટે થોડી સમસ્યાઓ પણ લીઈને આવી છે, કારણ કે ઈ સાક્ષ્ય એપની કોઈ જ તાલીમ તેમને અપાઈ નથી. સાથે જ તેમને સી.ડી. કે પેન ડ્રાઈવ પણ આપવામાં આવતી નથી.

આ ઍપ્લિકેશન અપલોડ થાય એટલે પોલીસને ઈ-સાક્ષ્ય પંચનામું કર્યાનું પ્રમાણપત્ર ઓનલાઇન જ મળી જાય છે. જોકે પોલીસે આ ઈ-સાક્ષ્ય પંચનામાની ત્રણ સીડી અથવા તો ૩ પેનડ્રાઇવ તૈયાર કરવા પડે છે. ૪૮ કલાકમાં જ આ સીડી કે પેનડ્રાઇવને મૂળ પંચોની રૂબરૂમાં જ સીલ કરીને કોર્ટમાં રજૂ કરવાનું કહે છે. બીજી પેનડ્રાઇવ વ્યવસ્થિત રીતે સ્ટોરેજ કરવાની રહે છે. ગત જુલાઈ મહિનાથી અમલમાં આવેલી આ પદ્ધતિનો અમલ અમદાવાદ સહિત રાજ્યના ઘણાં ખરાં પોલીસ સ્ટેશનમાં અમલ થતો નથી.

### સસ્તા અનાજની દુકાનોમાં થતી મિલાવટ અટકવા સરકારની વિચારણા

# છૂટક અનાજ નહીં પેકેટમાં આપવા સરકાર લેશે નિર્ણય

## છેલ્લા ઘણા સમયથી ઉદ્ભવતી તકલીફો અને ફરિયાદો નિવારવા શરૂ કરી ચર્ચા વિચારણા

રાજકોટ, તા. ૧૬
સસ્તા અનાજ ના લાભાર્થીઓને યોગ્ય અન્ન પુરવઠો મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા એક મહત્વનો નિર્ણય લેવા માટે હાલ વિચારણા ચાલી રહી છે મળતી માહિતી મુજબ સરકાર દ્વારા ૭૨ લાખથી વધુ પરિવારોને સસ્તુ અનાજ પૂરું પાડવામાં આવી રહ્યું છે ત્યારે આ વિતરણ વ્યવસ્થા માં સહેજ પણ ગેરરીતી ન થાય અને તેને ગુણવત્તા જળવાઈ રહે તે માટે સરકાર કટિબદ્ધ છે. છેલ્લા ઘણા સમયથી આ અંગે એક નહીં અનેકવિધ ફરિયાદો ઉઠી રહી છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા અનાજમાં થતી ગેરરીતિને અટકાવવા માટે અને અનાજની ગુણવત્તા જાળવવા અત્યંત મહત્વનો નિર્ણય લેવા તરફ આગળ વધી રહી છે જેમાં હવે અત્યાર સુધી સસ્તા અનાજની દુકાનોમાં છૂટક અનાજનું વેચાણ થતું હતું જે બંધ કરી હવે પેકેટમાં અનાજ આપવામાં આવે તેવી યોજના હાલ સરકાર બનાવી રહી છે. પેકેટ ફૂડમાં પણ ગુણવત્તા જળવાઈ રહે છે કે કેમ તે અંગે એક નહીં અનેક પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે ત્યારે આ વાતની ગંભીરતાને ધ્યાને લઈને જ હવે રાજ્ય સરકાર દ્વારા નક્કર પગલા લેવામાં આવે તે માટે વિચારવી મળશે શરૂ કરી દેવામાં આવ્યો છે..

આ અનાજ વિતરણ વ્યવસ્થા અને ક્વોલિટીને લઈને અવાર-નવાર ફરિયાદો જોવા મળે છે. ત્યારે રાજ્ય સરકાર અનાજમાં થતી મિલાવટને અટકાવવા અને સારી ગુણવત્તાનું અનાજ મળી રહે તે માટે મહત્ત્વનો નિર્ણય લેવા જઈ રહી છે. સરકાર હવે છૂટક અનાજ વહેંચવાનું બંધ કરીને પેકેટમાં અનાજ આપવાનું વિચારી રહી છે. ત્યારે અહીં સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું પેકેજીંગ અનાજ વિતરણ ભેળસેળ અટકી જશે. શું ડુપ્લીકેટ પેકેજીંગ સંભાવનાઓ નથી ? ભેળસેળને અટકાવવા માટે માત્ર પેકેજીંગ અનાજ વેચવાથી અટકાવી શકાય?

રાજ્ય સરકારના અન્ન નાગરિક અને પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાએ જણાવ્યું હતું કે સરકાર નો લક્ષ્ય છે કે જે પણ લોકો ગરીબી રેખા હેઠળ જીવતા હોય અથવા તો જેવો સસ્તુ અનાજ મેળવતા હોય તે તમામ લાભાર્થીઓને ગુણવત્તા યુક્ત અનાજ મળે તે માટે દરેક સંભવત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે ત્યારે હાલ સરકાર પેકેટ ફૂડની વ્યવસ્થા ઉભી કરવા માટે હાલ વિચાર વિમર્શ કરે છે તેમનું માનવું છે કે આ જો યોજના ની ચોક્કસ અમલવારી થશે તો મિલાવટ અટકશે અને ગુણવત્તા યુક્ત આહાર મળતો રહેશે. જે અંગે હાલ સરકાર વિચાર કરી રહી છે અને કેન્દ્ર સરકાર સાથે ચર્ચા કર્યા બાદ મંજૂરી મેળવવામાં આવશે. આગામી બજેટમાં અનાજનું પેકેજીંગ કરવા માટેની રકમની જોગવાઈ કરવામાં આવશે. હાલમાં રાજ્યમાં ગ્રાહકોને ૨ કિલો, ૩ કિલો છૂટક અનાજ આપવામાં આવે છે. જેથી ઘણીવાર અનાજની ગુણવત્તાને લઈને ફરિયાદો જોવા મળી છે. અનાજ બદલી નાખવામાં આવતું હોવાનું ધ્યાને આવ્યું છે. જેથી રાજ્ય સરકાર દ્વારા અનાજ, કઠોળ સહિત નક્કી કરેલા જથ્થાને પેકેજીંગ કરી વિતરણ કરવા અંગે વિચારણા કરી રહી છે.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ માટે કુલ ૨૭૧૧ કરોડની જોગવાઈ બજેટમાં કરવામાં આવી હતી. રાજ્યના ૭૨ લાખ કુટુંબોને છેલ્લા ચાર વર્ષમાં ૬૮ લાખ મેટ્રિક ટન અનાજ વિનામૂલ્યે પૂરું પાડવામાં આવ્યું હતું. નેશનલ ફૂડ સિક્યોરિટી ઍક્ટ-૨૦૧૩ હેઠળ અગ્રતા ધરાવતા અંદાજે ૭૨ લાખ કુટુંબોને ગત્રજ્ઞજ્ઞઅ હેઠળ આવરી અનાજ પૂરું પાડવા માટે ૬૭૫ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી.

# ઈમ્પેક્ટ ફીમાં વધુ છ મહિનાનો વધારો

## રાજ્ય સરકારે સતત પાંચમી અવધિ વધારી : બિનઅધિકૃત ગેરકાયદેસર બાંધકામો ને કાયદેસર કરવા વધુ એક તક

રાજકોટ, તા. ૧૬
રાજ્યમાં બિનઅધિકૃત ગેરકાયદે બાંધકામોને ફી ભરીને કાયદેસર કરવા માટેની Impact fee ભરવાની મુદ્દતમાં ફરી એકવાર વધારો કરવામાં આવ્યો છે. હવે રાજ્ય સરકાર દ્વારા Impact fee ભરવાની મુદ્દતમાં સતત પાંચમી વાર ૬ મહિનાનો વધારો કરાયો છે. રાજ્યમાં બિનઅધિકૃત ગેરકાયદેસર બાંધકામો ફી ભરીને કાયદેસર કરવા માટેની Impact રચચ ભરવાની મુદત વધુ ૬ મહિના માટે લંબાવાઈ છે. Impact fee ભરવાની મુદતમાં સતત પાંચમી વખત વધારો કરવામાં આવ્યો છે. ચોથી વખત અપાયેલી ૬ મહિનાની મુદત ૧૬મી ડિસેમ્બર એટલે કે આજે પૂર્ણ થઈ રહી હતી. હવે નવી તારીખ ૧૭મી ડિસેમ્બરથી મંગળવારથી આગામી છ મહિના સુધી મુદતમાં વધારો કરવામાં આવ્યો છે.

મહત્વનું છે કે, રાજ્યમાં Impact fee ભરી ગેરકાયદે બાંધકામ કાયદેસર કરી શકવાની જોગવાઈ છે. જોકે અગાઉ ચાર વાર ઈમ્પેક્ટ ફી ભરવાની મુદ્દત આપ્યા બાદ પણ નાગરિકોની ફરિયાદને આધારે હજી ૬ મહિના સુધી મુદ્દત આપવામાં આવી છે. મહત્વનું છે કે, રાજ્ય




સરકારની ધારણા કરતાં ઓછો પ્રતિસાદ મળતા શહેરી વિકાસ વિભાગ દ્વારા ૧૭ ડિસેમ્બરે ઈમ્પેક્ટ ફી ભરવાની મુદ્દત પૂર્ણ થાય તે પહેલા જ ૬ મહિનાનો વધારો કરતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

ગુજરાતમાં ગેરકાયદે બાંધાકમને ઈમ્પેક્ટ ફી ભરીને કાયદેસર કરી શકાય છે. આ પહેલા ચાર વાર સરકાર દ્વારા ઈમ્પેક્ટ ફીની મુદત વધારી હતી. ગુજરાત સરકાર દ્વારા ગેરકાયદે તેમજ બીયુ વિનાના બાંધાકમને તોડીને ઈમ્પેક્ટ ફી ભરીને કાયદેસર કરી શકાય તે માટે બાંધકામો તોડવાને બદલે નિયત ફી વસૂલીને કાયદેસર કરવા માટે ઈમ્પેક્ટ ફી કાયદો અમલી બનાવવામાં આવ્યો હતો. પરંતુ આ કાયદાને ઓછો પ્રતિસાદ મળતાં સતત પાંચમી વખત મુદત વધારાઈ છે. ગુજરાતમાં ગેરકાયદે બાંધાકમને ઈમ્પેક્ટ ફી ભરીને કાયદેસર કરી શકાય છે. આ પહેલા ચાર વાર સરકાર દ્વારા ઈમ્પેક્ટ ફીની મુદત વધારી હતી. ગુજરાત સરકાર દ્વારા ગેરકાયદે તેમજ બીયુ વિનાના બાંધાકમને તોડીને ઈમ્પેક્ટ ફી ભરીને કાયદેસર કરી શકાય તે માટે બાંધકામો તોડવાને બદલે નિયત ફી વસૂલીને કાયદેસર કરવા માટે ઈમ્પેક્ટ ફી કાયદો અમલી બનાવવામાં આવ્યો હતો. પરંતુ આ કાયદાને ઓછો પ્રતિસાદ મળતાં સતત પાંચમી વખત મુદત વધારવામાં આવી છે, ત્યારે જોવાનું રહેશે કે હવે આ મુદ્દત દરમ્યાન લોકોનો કેવો પ્રતિસાદ મળે છે.

શહેરમાં જે ઠેકાણે રહેણાક કે કોમર્શિયલ કોમ્પ્લેક્સ ઊભું થયું હોય અને તેમાં નિયમ બહારનું કોઇ બાંધકામ હોય અને જેને તોડવામાં આવે તો અન્ય લોકોને નુકસાન થાય તો તેવા કિસ્સામાં ઈમ્પેક્ટ ફી ભરીને તે બાંધકામને નિયમિત કરી આપી શકાય છે. જોકે આ બાંધકામ જાહેર સ્થળ કે માર્ગને અડીને આવેલું હોવું ન જોઈએ. આ સ્કીમમાં મિલકતના જે-તે માલિકે નિયત કરેલી ફી ભરવાની હોય છે અને આ બાંધકામ નિયમિત છે તેવું સર્ટિફિકેટ લેવું પડે છે. આ ફી નું ધોરણ શહેર અને તેના વિસ્તાર પ્રમાણે અલગ અલગ હોય છે. સત્તાતંત્રના ચોક્કસ વેરીફિકેશન પછી ફી ભરવાની પરવાનગી આપવામાં આવે છે. રેસિડેન્શિયલ અને કોમર્શિયલ ઈમ્પેક્ટ ફીના દરોમાં ઘણો મોટો તફાવત હોય છે.



### અહિ બધા એક સરખા...નજર હટે એટલે દૂર્ઘટના ઘટે જ: વધુ બે શિકાર બની ગયા

# પોલીસમેન અને મેનેજર સાથે ઓનલાઈન ફ્રોડ: ગુમાવી દીધા લાખો

### પોલીસ કર્મચારીને બેંક એકાઉન્ટ કેવાયસી કરવાનું કહી ૬ લાખ ઉસેડી લેવાયા: કંપનીના મેનેજરને તમારા પાર્સલમાં ડ્રગ્સ છે કહી પોલીસના નામે ડરાવી ડિજીટલ એરેસ્ટ કરી ૧૪ લાખ પડાવી લેવાયા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૬**

ઓનલાઇન ફ્રોડ આચરતા ગઠીયાઓ રોજ કોઇને ને કોઇને શિકાર બનાવી લાખો કરોડો ઉસેડી રહ્યા છે. આ ઘટનામાં સૌ કોઇ છેતરાઇ રહ્યા છે. હવે ખુદ પોલીસમેન પણ આ પ્રકારના ફ્રોડનો ભોગ બન્યા છે. એક પોલીસ કર્મચારી સાથે ગઠીયાએ એકાઉન્ટ કેવાયસી કરવાના બહાને ફ્રોડ આચરી તેના ખાતામાંથી પાંચ લાખ નવ્વાણુ હજાર ઉસેડી લીધા છે! બીજી તરફ એક ખાનગી કંપનીના મેનેજરને તમારા નામના ઈરાનના પાર્સલમાંથી એમડી ડ્રગ્સ મળ્યું છે, તમને ડિજીટલ એરેસ્ટ કરવામાં આવે છે તેમ કહી ગઠીયાઓએ તેર લાખ એંસી હજાર પડાવી લીધા હતાં.

ફ્રોડની પ્રથમ ઘટના પર નજર કરીએ તો અહિ એક પોલીસ કર્મચારી સાથે ઓનલાઇન છેતરપીંડી થઇ છે. ભરૂચ પોલીસ હેડ કવાટર્સના કોન્સ્ટેબલને કેવાયસી અપડેટના નામે સાયબર માફિયાઓએ શિકાર બનાવી રૂપિયા ૫.૯૯ લાખનો ચૂનો ચોપડ્યો છે. આ બાબતે સાયબર મફિયાઓના શિકાર બનેલા કોન્સ્ટેબલે સાયબર બાબતે નબીપુર પોલીસ મથકમાં તેની સાથે થયેલી છેતરપીંડી અંગે ફરિયાદ નોંધાવી છે. સાયબર માફિયાઓ અનેક લોકોને પોતાની વાતોમાં ફસાવી અથવા તો લોભ લાલચો આપીને તેમની સાથે છેતરપિંડી આચરતા હોય છે. પરંતુ હાલ આ સાયબર માફિયાઓની ચૂંગાલમાં ભરૂચના એક પોલીસ કર્મી ફસાયા છે. ભરૂચ તાલુકાના એક ગામમાં રહેતા પોલીસ કર્મી છેલ્લા સત્તર વર્ષથી પોલીસ હેડક્વાર્ટરમાં આર્મ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે.

તે પોતાના ઘરમાં હતા, તે સમયે એક કોલ આવતા સામેથી એક હિન્દી ભાષામાં બોલતા શખ્સે એક્સિસ બેંકના કર્મચારી બોલું છું તેવી ઓળખ આપી હતી.તેનું એક્સિસ બેંકમાં સેલેરી એકાઉન્ટ હોઇ અને કેવાયસી અપડેટ નહિ કરો તો એકાઉન્ટ બંધ થઈ જશે. ફરીથી ચાલુ કરાવવા ૧૬૦૦ રૂપિયા ચાર્જ લાગશે તેમ જણાવાયું હતું. આથી પોલીસ કોન્સ્ટેબલે સામેથી એક્સિસ બેંક કર્મી બોલતો હોવાનું લાગતા તેઓએ કેવાયસી અપડેટ કરવાની તૈયારી બતાવી હતી. ત્યાર બાદ તેના વોટ્સએપ નંબર પર એક લિંક આવતા




પોલીસ કર્મીએ તેમાં પોતાનું આધારકાર્ડ, પાનકાર્ડ અને ડેબિટ કાર્ડની વિગતો નાખી હતી. ત્યાર બાદ એક વીડિયો કોલિંગ આવતા તેમાં બેંક પાસબુક અને ઈમેઈલ આઈડી માંગતા કોન્સ્ટેબલને શંકા ગઈ હતી.

કોલ કાપી તમામ નંબરો બ્લોક કરી તેઓ ઘરેથી કોલેજ રોડ પર આવેલી એક્સિસ બેંકની બ્રાન્ચ પર પહોંચ્યા હતા. ત્યાં બેંક દ્વારા તેમને કોઈ કોલ નહીં કરાયો હોવાની માહિતી આપી હતી. તેઓએ તેમનું બેંક એકાઉન્ટ ચેક કરતા તેમની પર્સનલ લૉન પર રૂ. ૭.૩૮ લાખની ટોપ અપ લોન લેવાઈ ગઈ હોવાનું જાણવા મળ્યું હતું. ટોપ અપ લોનના જમા થયેલા નાણાં પૈકી ભેજાબાજો દ્વારા રૂ.૫.૯૯ લાખ ૭ અલગ અલગ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી દેવાયા હતા. જેથી તેને કોન્સ્ટેબલને તેની સાથે છેતરપિંડી થઈ હોવાનું લાગતા તેણે સાયબર ક્રાઇમનો ભોગ બનતા અંગે નબીપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

બીજા કિસ્સા પર નજર કરીએ તો શિક્ષિત લોકોને ડિજીટલ એરેસ્ટના નામે શિકાર બનાવતી ગઠિયા ગેંગ સામે વધુએક ફરિયાદ નોંધાઇ છે. ગાંધીનગરના મોટેરા વિસ્તારના રહેવાસી એવા ખાનગી કંપનીના મેનેજરને ગઠિયાઓએ તમે ઈરાન મોકલેલા પાર્સલમાંથી એમડી ડ્રગ્સ મળ્યાનું જણાવીને શીશામાં ઉતાર્યો હતો અને રૂપિયા ૧૩.૮૦ લાખ ખંખેરી લીધા હતાં. મોટેરામાં ભાટ કોટેશ્વર રોડ પર રહેતા લીન્સન પીટર નીલાસ્કોની પોલીસ સમક્ષની ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ગત તારીખ ૯મી ફેબ્રુઆરીએ તેના પર ફોન આવ્યો તેમાં સામે છેડેથી ફેડેક્સ મુંબઇ બ્રાન્ચમાંથી આકાશકુમાર હોવાનું જણાવીતમારા નામે મુંબઇથી ઈરાન માટે કુરિયર બુક થયાનું અને તેમાંથી પાંચ પાસપોર્ટ, સાત ક્રેડીટ કાર્ડ, કપડા અને ૯૫૦ ગ્રામ એમડી ડ્રગ્સ મળ્યું છે.

તેમજ એવુ પણ કહેવાયું હતું કે ડ્રગ્સનું પેમેન્ટ ક્રેડીટ કાર્ડથી થયું હોવાથી મુંબઇ એનસીબીમાં ગુનો નોંધાયો હોવાથી ત્યાં જઇને ફરિયાદ નહીં કરો તો તમારી સામે કાર્યવાહી થશે તેમ જણાવી ભયભીત કરીને પોલીસ અધિકારીને લાઇન પર લીધા હતાં. ત્યારે પ્રદિપ સાવંત નામના શખ્શે પોલીસ અધિકારી તરીકે ઓળખ આપી સ્કાયપે ડાઉનલોડ કરાવી સ્ક્રીન શેર ઓપ્શન ચાલુ કરાવીને ઉપરોક્ત મુદ્દાઓ પર છણાવટ કરીને આખરે વિડીયો કોલ ચાલુ રખાવીને લીન્સનને ડરાવતા ધમકાવતા રહી બેંક ખાતાની માહિતી લઇ તેને અનફ્રીઝ થતું બચાવવાના પ્રલોભન આપીને રૂપિયા ૧૩.૮૦ લાખની છેતરપિંડી કરી હતી. આમ એક ફ્રોડમાં પોલીસમેન અને બીજામાં કંપનીના મેનેજર લાખોમાં છેતરાઇ ગયા હતાં.

# પુસ્તકાલયોમાં નવેમ્બરમાં કુલ ૩૯,૮૬૮ નાગરિકોએ લીધો લાભ

### નવા ૩૦૧ સભ્યો લાઈબ્રેરી સાથે જોડાયા : ૯૭૪ મેગેઝીનની વાંચકો માટે ખરીદી

રાજકોટ, તા. ૧૬

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત પ્રભાદેવી.જે. નારાયણ પુસ્તકાલય શિક્ષણ સમિતિ કેમ્પસ, કરણપરા ચોક, દત્તોપંત ઠેંગડી પુસ્તકાલય,વોર્ડ નંબર ૨ ની વોર્ડ ઓફિસની બાજુમાં શ્રોફ રોડ, બાબુભાઈ વૈધ લાયબ્રેરી, બાપા સીતારામ ચોકની બાજુમાં, પેરેડાઇઝ હોલ સામે, ડો. બાબા સાહેબ આંબેડકર ભવન લાઈબ્રેરી,જીલ્લા ગાર્ડન, બહેનો અને બાળકો માટેની મોબાઈલ લાઈબ્રેરી યુનિટ ૧ તથા ૨, મહિલા વાચનાલય, મહિલા એકટીવિટી સેન્ટર, નાના માવા, ચાણકય લાઈબ્રેરી,ગોવિંદ બાગ શાકમાર્કેટ સામે, ઈસ્ટ ઝોન, માં એક માસ દરમ્યાન કુલ ૩૯,૮૬૮ મુલાકાતીઓ એ લાભ લીધેલ હતો.



આ એક માસ દરમ્યાન ૩૦૧ નવા સભ્યો લાઈબ્રેરી સાથે જોડાયા હતા. સભ્યોની માંગણી અને નવ પ્રકાશિત વિવિધ વિષયોનાં પુસ્તકો, બાળ સાહિત્ય, ગુજરાતી સાહિત્ય, નવલકથા, નવલિકાની સાથે સાથે વિધાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી પુસ્તકો મળી કુલ ૭૫૦ પુસ્તકો, તથા બાળકો માટે વિવિધ પ્રકારના ૧૦૦ જેવા રમકડા, પઝલ્સ, ગેઈમ્સ વગેરે ઈશ્યુમાં મુકવામાં આવેલા છે. નવેમ્બર માંસ દરમ્યાન ૯૭૪ મેગેઝીનની વાંચકો માટે ખરીદી કરવામાં આવેલ. આ સુવિધાઓનો શહેરીજનો વધુમાં વધુ ઉપયોગ કરે તેવા પ્રયત્ન રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત લાઈબ્રેરીઓ દ્વારા કરવામાં આવી રહ્યા છે જેનો શહેરના નાગરિકો લાભ મેળવે તેવી અપીલ કરવામાં આવે છે.

### મેનેજમેન્ટ શાખા દ્વારા કુલ ૨૨,૨૫૦નો વહીવટી ચાર્જ પણ વસૂલવામાં આવ્યો

# કુલ ૯૨ આસામીઓ પાસેથી ૫.૮૫ કિલો પ્લાસ્ટિક જપ્ત

રાજકોટ, તા. ૧૬

મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ૨૦૨૧ અન્વયે કુલ ૩ દિવસમાં ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં કુલ ૩ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૯૨ આસામીઓ પાસેથી ૫.૮૫૫ કી. ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૨૨૨૫૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૩ આસામીઓ પાસેથી ૨.૯૫૫ કિ. ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૮૦૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૪ આસામીઓ પાસેથી ૧.૦૫ કિ. ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૫૭૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.


ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૫ આસામીઓ પાસેથી ૧.૮૫ કિ. ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૮૪૫૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઈજનેર/ સેનીટેશન ઓફિસર હાજરીમાં સેનેટરી ઈન્સ્પેકટર/ સેનેટરી સબ ઈન્સ્પેકટર દ્વારા કરવામાં આવેલ.

# મનપા વેરા વસુલાત શાખાએ પાંચ મિલકતોને કરી સીલ

### ઝુંબેશ દરમિયાન કુલ ૩૨.૮૧ લાખની રિકવરી કરવામાં આવી
### ૧લી એપ્રિલથી ગઈકાલ સુધી કુલ ૩૨૩ કરોડની થઈ રિકવરી

રાજકોટ, તા. ૧૬

રાજકોટ મહાનગરપાલિકાનાં કમિશનરની સુચના અનુસાર વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ ની રીકવરી ઝુંબેશ અંતર્ગત નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ હાલ રિકવરી ઝુંબેશમાં ૫-મિલ્કતોને સીલ કરેલ તથા ૧- મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપવામાં આવી હતી. એટલું નહીં ૧-નળ કનેક્શન કપાત કરતા રીકવરી રૂા. ૩૨.૮૧ લાખની રીકવરી કરવાં આવી હતી.



વોર્ડ નં-૧માં નાણાવટી ચોકમાં જસલ કોમ્પ્લેક્ષમાં ફર્સ્ટ ફ્લોર પર શોપ નં-૧૫૫ થી ૧૫૮ ને નોટીસ સામે રિકવરી રૂ.૬.૨૮ લાખની કરવામાં આવી જ્યારે વોર્ડ નં-૩માં પરાબજાર મેઈન રોડ પર દવે વ્યાસ એસ હાઉસ ની સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ. ૯.૦૦ લાખની થઈ . વોર્ડ નં-૭માં ઢેબર રોડ પર એસ.ટી બસ સ્ટેન્ડમાં સેકન્ડ ફ્લોર પર ઓફીસ નં-૭ સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૫૪,૫૧૮ થઈ હતી. ઢેબર રોડ પર એસ. ટી બસ સ્ટેન્ડમાં સેકન્ડ ફ્લોર પર ઓફીસ નં-૬ સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૫૪,૦૦૮ થઈ.

બીજી તરફ વોર્ડ નં-૮ કાલાવડ મેઈન રોડ પર નુતનનગરમાં નીરવ ના નળ-કનેક્શન કપાત સામે રિકવરી રૂ.૯૯,૮૧૬ની થઈ . બીજી તરફ ૧૫૦ ફીટ રીંગરોડ પર ઈમ્પીરીયલ હાઈટ્સમાં થર્ડ ફ્લોર ઓફીસ નં-૩૦૭ સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૯૧,૭૭૦ કરવામાં આવી હતી. કે.કે.વી હોલની બાજુમાં શિલ્પન આર્કેડ સેકન્ડ ફ્લોર શોપ નં-૨૦૧ સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૧.૨૩ લાખની થઈ હતી. ગઈકાલ બપોર સુધીમાં ૫-મિલ્કતોને સીલ કરેલ તથા ૧- મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા ૧-નળ કનેક્શન કપાત કરતા રીકવરી રૂા. ૩૨.૮૧ લાખ રીકવરી કરેલ છે. ૧લી એપ્રિલ થી ગઈકાલ સુધી કુલ ૩૨૩ કરોડની રિકવરી કરવામાં આવી હતી.

આ કામગીરી નાયબ કમિશ્નર સી.કે.નંદાણી તથા આસી.કમિશ્નર સમીર ધડુક, સેન્ટ્રલ ઝોન મેનેજર વત્સલ પટેલ ,સિદ્ધાર્થ પંડ્યા ,ભાવેશ પુરોહિત,વેસ્ટ ઝોન મેનેજર મયુર ખીમસુરીયા,ફાલ્ગુની કલ્યાણી ,ઈસ્ટ ઝોન મેનેજર નીલેશ કાનાણી, ગૌરવ ઠક્કર તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સપેક્ટરઓ દ્વારા વેરા વસુલાતની સઘન કામગીરી કરવામાં આવેલ છે. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

### હવસખોરો, શૈતાનો, વિકૃતિયાઓ પોતાના કૂકર્મ થકી મચાવી રહ્યા છે ખળભળાટ: વધુ ત્રણ બનાવ બન્યા

# બાર વર્ષની બાળા સાથે સગા બાપે આચરી લીધી શૈતાનિયત!

### માનસિક બિમાર પત્નિ માવતરે જતાં હવસખોરે દિકરીનું રક્ષણ કરવાને બદલે ભક્ષક બની દેહ પીંખ્યો: બીજા બનાવમાં ઈન્ટાગ્રામથી સગીરે સગીરાને ભગાડી: માતા-પિતાની મદદથી આચર્યુ દૂષ્કર્મ: જામખંભાળીયા-જેતપુર પંથકની આ ઘટનાઓએ જગાવી ચકચાર

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૬**

વિકૃત હવસખોરો ઠેકઠેકાણે પોતાના કૂકર્મો થકી ચકચાર જગાવતાં રહે છે. આવી ઘટનાઓમાં સતત ચિંતાજનક રીતે વધારો થઇ રહ્યો છે. ઘણીવાર તો એવી ઘટના ઘટે છે જે ખળભળાટ મચાવી દે છે. અનેક વખત એવા કિસ્સા બની ચુક્યા છે જેમાં બાપ દ્વારા જ બેટીને હવસખોરીનો ભોગ બનાવવામાં આવી હોય છે. આવી જ વધુ એક ઘટના ઘટી છે જેમાં એક સગીરાને તેના જ પિતાએ હવસખોરીનો શિકાર બનાવી છે. આ હવસખોરે પોતાની પત્નિ માનસિક અસ્વસ્થ રહેતી હોઇ અને તેના કારણે પિયરે ગઇ હોઇ તેનો ગેરલાભ ઉઠાવી સગીર દિકરી સાથે દૂષ્કર્મ આચરી લીધુ હતું. બીજા બનાવમાં એક સગીરે સગીરાનું અપહરણ કરી દૂષ્કર્મ આચરી લીધુ હતું. સગીરને આ કૃત્યમાં તેના મા-બાપે પણ મદદ કરતાં તેની પણ ધરપકડ થઇ છે.

પ્રથમ ચોંકાવનારી ઘટનાની વિગતો જોઇએ તો આ બનાવ જામખંભાળીયા પંથકમાં બન્યો છે. ખંભાળિયા પંથકમાં રહેતા એક શખ્સ દ્વારા પોતાની સગીર વયની પુત્રીને હવસનો શિકાર બનાવ્યાનો ચકચારી બનાવ સામે આવ્યો છે. આ પ્રકરણમાં પોલીસે હવસખોર બાપને પોલીસે દબોચી લઇ ખોખરો કર્યો છે. પિતા પુત્રીના સંબંધોને શર્મસાર કરતા આ ચકચારી બનાવની વિગત એવી છે કે ખંભાળિયા તાલુકાના એક ગામે રહેતા એક પરિવારની બાર વર્ષની સગીર બાળાને છેલ્લા એકાદ વર્ષમાં પોતાના પિતા દ્વારા શારીરિક છેડતી કરી અને દુષ્કર્મ આચરવામાં આવતા આખરે આ સગીરાએ સમગ્ર આપવીતી પોતાની માસીને વર્ણવી હતી. આથી સગીરાના માસીએ ખંભાળિયા પોલીસ મથકમાં પોતાના બનેવી અને ભોગ બનનાર બાળાના પિતા સામે ફરિયાદ નોંધાવી હતી. જેને અનુસંધાને ખંભાળિયા પોલીસે આશરે સુડતાલીસ વર્ષના આ હવસખોર બાપને પકડી લીધો હતો.

વધુ માહિતી અનુસાર ભોગ બનનાર આ બાળાની માતા છેલ્લા કેટલાક સમયથી માનસિક રીતે અસ્વસ્થ હોઇ તેણી પોતાના માવતરને ત્યાં રહે છે. બીજી તરફ દિકરીનું ધ્યાન રાખવાને બદલે તેનું રક્ષણ કરવાને બદલે ખુદ બાપ જ ભક્ષક બની ગયો હતો અને સગી દિકરીએ પોતાની શૈતાનિયતનો શિકાર બનાવી લીધી હતી. પોક્સો દૂષ્કર્મ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરી પીએસઆઇ બી. જે. સરવૈયાએ વિશેષ તપાસ યથાવત રાખી હતી.

બીજી બનાવ જેતપુર પંથકમાં બન્યો છે. જેતપુરની સગીરાનું અપહરણ કરી ધોરાજીના સગીરે દુષ્કર્મ આચાર્યું હોવાનો કિસ્સો પ્રકાશમાં આવતા સનસનાટી મચી જવા પામી છે . આ બનાવમાં સગીર-સગીરા ઈન્સ્ટાગ્રામ થકી સંપર્કમાં



ત્રીજા બનાવમાં હવસખોર મામાજી સસરાએ ભાણેજની પત્નિને નગ્ન ફોટા, વિડીયો મોકલી ખરાબ માંગણી કરી છેડતી કરી!

આવ્યા બાદ સગીરાને ભગાડી જૂનાગઢ અને ધોરાજી લઈ ગયો હતો અને ત્યાં દુષ્કર્મ આચરેલું હતું. ભોગ બનનાર અને આરોપી બંને સગીર હોઈ પોલીસ પણ દ્વિધામાં મુકાઈ હતી. જોકે આ ગુનામાં મદદગારી કરનાર આરોપી સગીરના માતા પિતાની પણ ધરપકડ કરાઈ છે. આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ, જેતપુર ખાતે રહેતી સગીરાને ધોરાજીના સગીર સાથે સોશિયલ મીડિયા એપ ઈન્સ્ટાગ્રામ થકી સંપર્ક થયો હતો . બંને ચેટ કોલિંગ કરવા લાગ્યા હતા.

આ પછી સગીરે ભોગ બનનારને પ્રમ જાળમાં ફસાવી લગ્નની લાલચ આપી આરોપીએ જેતપુર ખાતે આવી સગીરાનું અપહરણ કર્યું હતું.બંને થોડા દિવસ જૂનાગઢ રહ્યા હતા. ત્યાંથી સગીરના ઘરે ધોરાજી આવ્યા હતા અહીં પણ તેવો થોડા દિવસ રહ્યા બાદ પોલીસને જાણ થતા પોલીસ સગીરના ઘરે પહોંચી હતી. જ્યાંથી સગીરાને મુક્ત કરાવી હતી. તેનું મેડિકલ ચેક અપ અને કાઉન્સિલિંગ કરાતા જૂનાગઢ ખાતે અને ધોરાજી ખાતે સગીરે ભોગ બનનાર સગીરા સાથે દુષ્કર્મ આચાર્યું હોવાનું જાણવા મળેલ. આ ઉપરાંત સગીર જયારે ભોગ બનનારને તેના ઘરે ધોરાજી લાવ્યો હતો ત્યારે સગીરના પિતા અને માતાએ પોલીસને જાણ ન કરી બંનેને ઘરમાં આશરો આપ્યો હોઈ જેથી તે બંનેને મદદગારીના આરોપસર પોલીસે અટકાયતમાં લીધા છે. આ અંગે જેતપુર સિટી પોલીસ મથકે પોક્સો અને દુષ્કર્મ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ થયો છે. વધુ તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર પરમાર દ્વારા હાથ ધરવામાં આવી હતી.

ત્રીજા બનાવમાં એક હવસખોરે પોતાની જ ભાણેજ વહુ પર નજર બગાડી અડપલા કર્યા હતાં. વ્હોટ્સએપ મારફત બિભત્સ ફોટા અને વિડીયો મોકલી અણછાજથી માંગણી કરી હતી. ત્રાસી જઇ આ પરિણીતાએ મામાજી સસરા વિરૂધ્ધ ફરિયાદ કરતાં પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. ઘટના વડોદરી છે. અહિ રહેતી મહિલાએ સીટીએમ વિસ્તારમાં રહેતા મામા સસરા સામે છેડતીની ફરિયાદ નોંધાવી છે કે મહિલા અને તેના પતિ વચ્ચે તકરાર ચાલતી હતી જેને લઇને મામા સસરા સમાધાન કરાવવાના બહાને અમદાવાદ પોતાના ઘરે બોલાવીને શારિરિક અડપલાં કરીને બિભત્સ માંગણી કરીને વોટ્સએપ ઉપર ન્યૂડ ફોટા અને વિડિયો મોકલતા હતા. આ બનાવ અંગે ખોખરા પોલીસે છેડતી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વધુ માહિતી અનુસાર ચાલીસ વર્ષની મહિલાએ ખોખરા પોલીસ સ્ટેશનમાં સીટીએમ વિસ્તારમાં રહેતા મામા સસરા સામે ફરિયાદ નોંધાવી છે કે મહિલાના છૂટાછેડા બાદ વડોદરા ખાતે સાત વર્ષ પહેલા બીજા લગ્ન કર્યા હતા. જ્યાં પણ પતિ અને બન્ને વચ્ચે લગ્નના બે વર્ષમાં તકરાર થતાં મહિલાએ વડોદરા ખાતે મહિલા પોલીસ સ્ટેશનમાં શારીરિક માનસિક ત્રાસની ફરિયાદ કરી હતી જેનો કાર્ટમાં કેસ ચાલું છે. બીજીતરફ અમદાવાદ સીટીએમ ખાતે રહેતા પતિના મામાએ સમાધાન કરાવવા માટે મહિલાને પોતાના ઘરે બોલાવી હતી અને શારિરીક અડપલાં કરીને બિભત્સ માગણી કરી હતી અને વોટ્સએપ ઉપર ન્યૂડ ફોટા અને વિડિયો મોકલતા હતા. આ અંગે મહિલાએ પોતાના પતિને ફોટા તથા વિડિયા બતાવતાં પતિએ કોઇને વાત નહી કરવાનું કહ્યુ હતું. આ ઘટના અંગે ખોખરા પોલીસે છેડતી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

### સાથે ભણ્યા, સાથે મોટા થયા, પ્રેમ થયો, લવમેરેજ કર્યા...પણ શંકાએ માળો વિંખ્યો

# શંકાશીલ પતિ પત્નિને પતાવી દાગીના લૂંટી ભાગી ગયો

## પોતે આમા સામેલ નથી એવુ દેખાડવા પ્લાન ઘડ્યો હતોઃ પરિવારજનોએ તારી પત્નિ ગુજરી ગઇ છે, અંતિમવિધીમાં આવ તેમ કહીને બોલાવ્યો અને પોલીસે દબોચ્યો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૬**

દામ્પત્ય જીવનમાં પરસ્પર સ્નેહ, સમજદારી, વિશ્વાસ ટકેલા રહે તો વાંધો આવતો નથી. જો પતિ કે પત્નિ એક બીજા પર શંકા કરવા માંડે કે બેવફાઇ પર ઉતરી આવે તો તેનું પરિણામ કલ્પનાબહારનું આવતું હોય છે. આવા જ એક કિસ્સામાં ઘર જમાઇ રહેતાં પતિને પત્નિના ચારિત્ર્ય પર શંકા ઉપજતાં વાયરથી ગળાટૂંપો દઇ તેણીને મોતને ઘાટ ઉતારી દીધી હતી અને બાદમાં તેણીના સોનાના દાગીના લૂંટી ભાગી ગયો હતો. હત્યાની બીજી ઘટનામાં એક માથાભારે શખ્સ કે જે તાજેતરમાં જેલમાંથી છુટ્યો હતો તેણે રાહદારીને રોકીને મારકુટ ચાલુ કર્યા બાદ એક એક્ટીવા ચાલક ડરીને પોતાનું વાહન મુકીને ભાગતાં આ રીઢા શખ્સે દોટ મુકી પીછો કરી હત્યા કરી નાખી હતી.

હત્યાની પ્રથમ ઘટના પર નજર કરીએ તો ઘટના વડોદરા પંથકમાં બની છે. સોળ વર્ષનો પ્રેમ અને ત્રણ વર્ષ અગાઉ લગ્ન કર્યા બાદ ન્યુ સમા રોડ ખાતે ઘરજમાઈ પતિએ પત્નીના આડા સંબંધની શંકાએ વાયર વડે ગળે ટુંપો આપીને હત્યા કરી દીધી હતી. હત્યા કરીને પતિ ટ્રક લઈને ગાંધીધામ તરફ ભાગી ગયો હતો. ન્યુ સમા રોડ ડિફેન્સ કોલોની-૨માં રહેતા બોંતેર વર્ષીય શ્રીધર ઐથા પુજારીના પત્ની મુંબઈ રહે છે. ત્યારે તેમનો દીકરો ગોવા ફરવા ગયો હતો. પુત્રી પુર્ણીમા ગેંડા સર્કલની રવિ એનર્જી કંપનીમાં કોમ્પ્યુટર ઓપરેટર હતી. પુર્ણીમાએ ત્રણ વર્ષ અગાઉ મંજીતસિંગ સુખદેવસિંગ ધિલ્લોન સાથે લવ-અરેન્જ મેરેજ કર્યા હતા. મંજીતસિંગ ઘર જમાઈ હતો. મંજીતસિંગ પુર્ણીમા સાથે વારંવાર તેની નોકરી અને આડાસંબંધની શંકાએ મારામારી કરતો હતો.

દરમિયાન ત્રણ દિવસ પહેલા પુર્ણીમાં રાત્રે તેના રૂમમાં સુઈ ગઈ હતી. દરમિયાન રાત્રે એક વાગે મંજીતસિંગ ઘરે આવ્યો હતો. બીજા દિવસે પુર્ણીમાના રૂમનો દરવાજો આડો હતો. જેથી પિતા શ્રીધર કશું જોવા વગર નોકરી પર જતા રહ્યા હતા. પિતા બપોરે એક વાગે પરત જમવા ઘરે આવ્યા ત્યારે તે રૂમમાં ગયા હતા. જ્યાં પુર્ણી મા તેના બેડ પર જ સુતી હતી, મંજીતસિંગ હાજર નહોતો. શ્રીધરે ઉઠાડતાં દિકરી નહી ઉઠતાં હોસ્પિટલ લઈ જવાઈ હતી. જ્યાં ડોક્ટરે મૃત જાહેર કરી હતી. પોસ્ટમોર્ટમમાં ખુલ્યું કે, પુર્ણી માની ગળુ દબાવી હત્યા કરાઈ છે. હત્યાબાદ ભાગી ગયેલા મંજીતને પરીવારે અંતિમવિધીમાં તો આવ કહી બોલાવતાં પોલીસે પકડી પાડ્યો હતો. પુર્ણીમા તા.૧૧ ડિસેમ્બરે નોકરી પરથી ઘરે પરત આવી હતી. ઘરે આવીને પુર્ણીમાએ માતાજીના દિવા-બત્તી કર્યા હતાં. જોકે ત્યારબાદ તે રૂમમાં સુવા ગઇ હતી. રાત્રે મંજીતસિંગ ઘરે આવ્યો



હત્યાની બીજી ઘટનામાં રીઢા ગુનેગાર ધાક જમાવવા રાહદારીઓ સામે છરી ઉગામીઃ એક યુવાન ભાગવા જતાં આંતરીને ઘા ઝીંકી રહેંસી નાંખ્યો

હતો. બંને પતિ-પત્ની વચ્ચે સવારે સાડા-આઠ વાગ્યાની આસપાસ ઝઘડો થયો હતો, મંજીતસિંગે ૯ વાગ્યાની આસપાસ પુર્ણીમાની હત્યા કરી દીધી હતી.

મંજીતસિંગ તથા પુર્ણીમા એક સાથે સ્કુલમાં અભ્યાસ કરતા હતા. તે બંને ધો-૧૧માં હતા. તે દરમિયાનથી બંને વચ્ચે પ્રેમસંબંધ હતા. બંનેનો ૧૬ વર્ષ જૂનો પ્રેમ હતો. મંજીતસિંગનો આખો પરિવાર કેનેડા રહે છે. જોકે તે પણ ટુંક સમયમાં કેનેડા જતો રહેવાનો હતો. પુર્ણીમાના પરિવારને મંજીત પોતે કેનેડા જશે, વિઝા આવી ગયા છે તેમ કહેતો હતો. બીજી બાજુ મંજીત ડ્રગ્સનો પણ ખૂબ નશો કરતો હતો. છેલ્લાં તે ગત તા.૧૧એ જ પરત ઘરે આવ્યો હતો. સૂત્રો મુજબ હત્યા કરીને મંજીતનો પ્લાન કેનેડા જવાનો હતો. હત્યા કરીને મંજીતસિંગ પુર્ણીમાએ પહેરેલુ મંગળસુત્ર, બુટ્ટી, બે વિંટી સહિત કાઢી લઈને ભાગી ગયો હતો. જોકે તે પકડાયા બાદ પોલીસે તમામ વસ્તુ કબ્જે કરી હતી. એસીપી જી. બી. બાંભણીયાએ વિગતો જણાવી હતી.

હત્યાની બીજી ઘટના અમદાવાદ રામોલ વિસ્તારમાં બની છે. જેમાં રીઢા ગુનેગારની છાપ ધરાવતાં આરોપીએ ધાક જમાવવા માટે રાહદારી અને વાહન ચાલકોને રોકીને ધમકાવી રહ્યો હતો. બે મિત્રો એકટીવા પર જતા હતા ત્યારે સુરેલીયા એસ્ટેટ નજીક એક શખ્સે છરી લઈને આવતાં મિત્રોએ એકટીવા ધીમું પાડીને ઉભા રહ્યા હતા આરોપી હાથમાં છરી લઈને તેમની સામે દોડવા લાગતા બંને મિત્રો એકટીવા મુકીને ભાગવા જતા હતા. બેમાંથી એક મિત્ર ભાગી નહી શકતા જમીન પર પડી ગયો ત્યારે હાથમાં છરી લઈને આવેલા અક્ષય ઉર્ફે ભુરીયાએ યુવકની છરીના ઘા ઝીકીને ફરાર થઇ ગયો હતો. ઘાયલ યુવકને હોસ્પિટલ લઇ જવાતા જ્યાં સારવાર દરમિયાન યુવકનું મોત નીપજતા રામોલ પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

અમરાઇવાડી વિસ્તારમાં રહેતા અને રામોલ સુરેલિયા એસ્ટેટ રોડ ઉપર કારખાનું ધરાવતા યુવકે રામોલ પોલીસ સ્ટેશનમાં સુરેલિયા એસ્ટેટ વિસ્તારમાં રહેતા અક્ષય ઉર્ફે ભુરિયો નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે કે ફરિયાદી અને રામોલમાં રહેતા મિત્ર બંને મિત્રો આર.કે.એસ્ટેટ પાસેથી પસાર થતા હતા. ત્યારે આરોપી હાથમાં છરી લઈને ધાક જમાવવા માટે રાહદારી અને વાહન ચાલકોને રોકીને ઉભો રાખતો અને ધમકાવતો હતો. જેથી ગભરાઈને વેપારીએ તેમનું એકટીવા ધીમું કર્યું અને ઉભુ રાખતા આરોપી તેમની તરફ આવતા તેમણે એકટીવા છોડી દીધું અને ભાગવા લાગ્યા હતા.

આ દરમિયાન ફરિયાદી એક દુકાનમાં જતા રહ્યા પરંતુ તેમના મિત્ર રાજેશભાઇ ભાગવા જતા જમીન પર પટકાઈ ગયા હતા. આ સમયે આરોપીએ યુવકને સાથળના ભાગે એક બાદ એક છરીના ઘા મારીને લોહી લુહાણ કરીને નાસી ગયો હતો. ત્યારબાદ ઘાયલ યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઇ જવામાં આવતા સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ મામલે રામોલ પોલીસે હત્યાનો ગુનો નોંધીને આરોપી અક્ષય ઉર્ફે ભુરીયાની ધરપકડ કરી હતી. તે અગાઉ પણ અનેક ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે અને જેલની હવા ખાઇ આવ્યો છે.

# ડોક્ટર બનવાના સપના જોતી વિદ્યાર્થીનીઓને પાંખો આપતી 'મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના'

## વર્ષ ૨૦૧૭થી અત્યાર સુધીમાં ૨૧ હજારથી વધુ વિદ્યાર્થીનીઓને રૂ. ૬૨૦ કરોડથી વધુની સહાય ચૂકવાઈ : યોજના હેઠળ MBBSના અભ્યાસ માટે ૪ લાખ સુધીની સહાય ચૂકવવામાં આવે છે



રાજકોટ, તા. ૧૬

વિકસીત ભારતની પરિકલ્પનાને સાકાર કરવામાં ગુજરાત હર હંમેશ અગ્રેસર રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્યમાં અનેકવિધ શિક્ષણલક્ષી યોજનાઓ અમલમાં છે. આ યોજનાઓની ફળશ્રુતી રૂપે રાજ્યની દિકરીઓ શિક્ષિત થઈ આત્મનિર્ભર બની રહી છે. ઉચ્ચ શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં રાજ્યની દિકરીઓને શ્રેષ્ઠ ઉચ્ચ શિક્ષણ આપવા રાજ્ય સરકાર કટીબદ્ધ છે. 'મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના' રાજ્ય સરકારના આ જ અભિગમને ચરિતાર્થ કરતી યોજના છે. મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૭થી અત્યાર સુધીમાં ૨૧ હજારથી વધુ વિદ્યાર્થીનીઓને તબીબી ક્ષેત્રે કારકીર્દી બનાવવા માટે રૂ. ૬૨૦ કરોડથી વધુની સહાય ચૂકવાઈ છે. ગુજરાતની 'વ્હાઈટ કોટ' મહિલા વોરિયર્સને પ્રોત્સાહિત કરતી 'મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના મેડિકલ ક્ષેત્રે (MBBS) પોતાની કારકિર્દી બનાવવા ઈચ્છતી દિકરીઓ માટે આશીર્વાદ સમાન સાબિત થઇ રહી છે.

મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના હેઠળ છ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા પરિવારની વિદ્યાર્થીનીઓ કે જેઓ ધો-૧૨ પછી MBBSમાં પ્રવેશ મેળવે છે, તેમને રાજ્ય સરકાર દ્વારા આર્થિક સહાય ચૂકવવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા MBBSના અભ્યાક્રમ માટે રૂ. ચાર લાખની સહાય ચૂકવવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, આ યોજનાનો લાભ મેળવવા માટે વિદ્યાર્થીને NEET દ્વારા MBBSમાં પ્રવેશ મેળવેલ હોવો જરૂરી છે. આ યોજનાનો ઉદ્દેશ્ય ખઇઇજમાં અભ્યાસ કરતી તેજસ્વી વિદ્યાર્થીનીઓને નાણાકીય સહાય પૂરી પાડવાનો છે. પરિણામે, આજે રાજ્યની 'વ્હાઈટ-કોટ' મહિલા વોરિયર્સ સફળતાપૂર્વક તેમના ડોક્ટર બનવાના સપનાંને સાકાર કરી રહી છે. ડોક્ટર બનવાના સપના જોતી દરેક વિદ્યાર્થીનીઓ પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકારે ચાલુ વર્ષના બજેટમાં રૂ. ૧૬૦ કરોડની જોગવાઈ કરી છે.



## રાજકોટ મિરર તંત્રીની કલમે

# સાગર કિનારે દિલ યે પુકારે

### સૌરાષ્ટ્રના દરિયા કિનારે વિકાસને બદલે વિનાશ



સૌરાષ્ટ્ર કચ્છ પર પ્રકૃતિની ભરપૂર કૃપા છે, એક જ વિસ્તારમાં દરિયો, ડુંગરા, જંગલ અને રણ ધબકી રહ્યા છે. આ ચારમાંથી એકાદ કૃપા હોય તો પણ જે તે દેશ, રાજ્ય તેનું બ્રાન્ડીંગ કરીને વિશ્વ પ્રવાસીઓને આકર્ષતા હોય છે, સૌરાષ્ટ્ર કચ્છમાં અપાર કૃપા છે પણ માનવીય મિસમેનેજમેન્ટના કારણે કૃપાની અવદશા થઈ રહી છે. તાજેતરમાં વિશ્વવિખ્યાત શહેર પોરબંદરમાં હજારો લોકો એકઠા થયા હતા. આ લોકો પોરબંદરના દરિયા કિનારાને બચાવવા માંગ કરી રહ્યા હતા. એક સમયે પોરબંદરની ચોપાટી ફરવાનું ભદ્રસ્થાન હતું, આજે દશા બગડી ગઈ છે.

મુદ્દો એવો છે કે જેતપુરના સાડી ઉદ્યોગથી માંડીને અન્ય ઉદ્યોગના અત્યંત ઝેરી રંગના પાણી દરિયામાં ઠલવાઈ રહ્યા છે. આ અંગે અનેક રજૂઆતો છતાં સમસ્યાનો ઉકેલ ન આવતા લોકો રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા અને દરિયાની વિરાટ અંતિમયાત્રા યોજાઈ હતી.

અતિ મહત્વના મુદ્દાઓને મીડિયામાં પૂરતું સ્થાન મળતું નથી. સૌરાષ્ટ્ર કચ્છમાં માત્ર પોરબંદરમાં જ નહીં ચોમેર પ્રકૃતિનું પતન થઈ રહ્યું છે. આ સામે એકલદોકલ સંસ્થાઓ અવાજ ઉઠાવે છે પણ તેને પૂરતું મહત્વ મળતું નથી. વાસ્તવમાં આ ખુબ મોટી સમસ્યા છે. પ્રકૃતિના આધારે સંસ્કૃતિ વિકસતી હોય છે. જે તે વિસ્તારોની પ્રકૃતિ તેની વિશેષતા ગણાય, સૌરાષ્ટ્ર કચ્છની પ્રકૃતિ જ સમસ્યા બની ગઈ છે.

દેશભરનો અભ્યાસ કરો તો ખ્યાલ આવશે કે જેટલો વિકાસ થાય છે તેટલું પ્રકૃતિને વધારે નુકસાન થાય છે. આઝાદીકાળથી આવો વિકાસ ચાલી રહ્યો છે. પ્રકૃતિના ભોગે વિકાસની નીતિના આકરા પરિણામો પણ આપણી નજર સામે છે. વિકાસ કાર્યોનો વિરોધ કરી જ ન શકાય પણ પ્રકૃતિને અનુકૂળ વિકાસની નીતિ જરૂર અપનાવી શકાય.

આ વિષયો વિવાદના નથી, સમજના છે. સમુદ્રની આંતરિક અને બાહ્ય દુનિયા વિશિષ્ટ છે, તેની જીવસૃષ્ટિ અકલ્પનીય છે. આ સૃષ્ટિના આધારે પર્યાવરણ શ્રેષ્ઠ રહે છે અને માનવ સમુદાયને રોજગારી પોષણ મળે છે. દરિયામાં જ ઝેરી કેમિકલ ઠાલવવામાં આવે તો પ્રકૃતિના ચક્કર તૂટી પડે છે.

તાજેતરમાં થયેલા સંશોધન પ્રમાણે સૌરાષ્ટ્રમાં, ગુજરાતમાં દરિયાની ચોપાટીનું તાપમાન ૩% જેટલું વધી ગયું છે. આ કારણે ઋતુચક્ર ડિસ્ટર્બ થયું છે, ગુજરાતમાં વાવાઝોડા વધી ગયા છે.

પ્રકૃતિના મામલે ગંભીર થવું જ પડશે. ડુંગરા, જંગલ, દરિયા, રણ, નદીને નુકસાન કરતા રહીશું તો સૌરાષ્ટ્ર કચ્છમાં માનવજીવન દુષ્કર બની શકે છે. વર્તમાન અને ભવિષ્ય બંને બગડી રહ્યા છે. પ્રેમીઓ સાગર કિનારે જવા થનગનતા હોય છે, હવે કિનારાઓ અવદશાથી દૂર ભીડાવા લાગ્યા છે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા



# વેપાર, રોકાણ, વિકાસ અને સુરક્ષા મુદ્દે ભારત શ્રીલંકાના સંબંધો થશે મજબૂત

### શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરાગકુમાર દિશાનાયક ભારતની મુલાકાતે : બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો થશે મજબૂત

નવીદિલ્હી, તા. ૧૬

શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમાર દિસાનાયકે ભારતની ત્રણ દિવસીય સરકારી મુલાકાતે છે. આ દરમિયાન, તેમણે સંરક્ષણ, વેપાર અને રોકાણ વધારવા ઉપરાંત દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા માટે સોમવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે વિસ્તૃત વાતચીત કરી. તમને જણાવી દઈએ કે શ્રીલંકાના રાષ્ટ્રપતિ બન્યા બાદ દિસનાયકેની આ પ્રથમ વિદેશ યાત્રા છે, જેના માટે તેઓ રવિવારે રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હી પહોંચ્યા હતા. મંત્રણા પહેલા રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ ડિસનાયકેનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પણ મળ્યા હતા. પીએમ મોદી અને અનુરા દિસનાયકે વચ્ચેની વાતચીત અંગે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે બંને દેશો વચ્ચે વેપાર, રોકાણ, વિકાસ અને સુરક્ષા સહયોગ પર ચર્ચા થઈ. જયશંકરે ટ્વિટર પર એક પોસ્ટમાં લખ્યું હતું કે ભારતની તેમની પ્રથમ રાજ્ય મુલાકાતની શરૂઆતમાં રાષ્ટ્રપતિ દિસાનાયકેને મળીને આનંદ થયો. શ્રીલંકા અમારી 'નેબરહુડ ફર્સ્ટ' નીતિ અને 'સી આઉટલુક' માટે મહત્વપૂર્ણ છે.

મને વિશ્વાસ છે કે વડાપ્રધાન મોદી સાથેની તેમની વાતચીત બંને દેશો વચ્ચે વિશ્વાસ અને સહયોગ વધારશે. રાષ્ટ્રપતિ દિસનાયકેએ કહ્યું હતું કે વિદેશ પ્રધાન જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ સાથેની તેમની બેઠકોમાં તેમણે પરસ્પર હિતો પર ફળદાયી ચર્ચા કરી હતી. દિસનાયકે પર લખ્યું હતું મુરુગન અને અન્ય અધિકારીઓએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આજે રાત્રે એસ. જયશંકર અને અજીત ડોભાલ સાથે પરસ્પર હિતો પર મહત્વપૂર્ણ ચર્ચા કરી હતી.

દિસનાયકેની ભારત મુલાકાત અંગે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે દિસનાયકેની મુલાકાત ભારત-શ્રીલંકા સંબંધોને વધુ ગાઢ બનાવવા અને દ્વિપક્ષીય ભાગીદારીને વેગ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને પણ મળશે. રાષ્ટ્રપતિ દિસનાયકેએ સંયુક્ત સંરક્ષણ સેવાઓ દ્વારા ગાર્ડ ઓફ ઓનરનું નિરીક્ષણ કર્યું હતું. આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેએ પોતપોતાના મંત્રીઓ, રાજદ્વારીઓ અને અધિકારીઓ સાથે એકબીજાનો પરિચય કરાવ્યો હતો. રાષ્ટ્રપતિ દિસનાયકેએ જણાવ્યું હતું કે, ''મારી ભારતની સત્તાવાર મુલાકાત દરમિયાન, મને નાણામંત્રી નિર્મલા સીતારમણ, વિદેશ મંત્રી એસ જયશંકર અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ સાથે ફળદાયી ચર્ચા કરવાનો લહાવો મળ્યો.

અમારી વાતચીત ભારત-શ્રીલંકા આર્થિક સહયોગને મજબૂત બનાવશે. આ કરારો આપણા બંને દેશો વચ્ચેની ભાગીદારીને વધુ ગાઢ બનાવવાની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે. અનુરા કુમારા દિસાનાયકેની ભારત મુલાકાત આ સંદર્ભમાં ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે શ્રીલંકા હજુ સુધી બ્રિક્સ સંગઠનનું સભ્યપદ મેળવવામાં સફળ રહ્યું નથી. વિશ્વમાં બ્રિક્સ સંગઠન ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ભારત પ્રવાસથી શ્રીલંકાને ફાયદો થવાની આશા છે. આ મુલાકાત ડેટ રિસ્ટ્રક્ચરિંગ સહિત અન્ય મુદ્દાઓમાં પણ ઘણી મદદરૂપ સાબિત થઈ શકે છે. ભારતની નેબરહુડ ફર્સ્ટ પોલિસી પણ અહીં ઘણી અસરકારક સાબિત થઈ શકે છે.

### એવુ કહેવાય છે કે પ્રેમ આંધળો હોય, પણ ક્યારેક એમ થાય કે પ્રેમ નહિ, પ્રેમીઓ જ આંધળા હોય છે!

# પરણેલાઓની પ્રેમકહાનીનો બંનેની જિંદગી સાથે કરુણ અંત

### એક સંતાનના પિતા એવા યુવાનને પડોશણ પરિણીતા સાથે પ્રેમ થયો: બંનેના ઘરે ખબર પડી જતાં ભાગી જઇ નદીમાં કૂદી મોત મેળવી લીધું: બે પરિવારોના માળા વેરણછેરણ થયા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર તા. ૧૬**

લવલફરાઓનો અંજામ મોટે ભાગે કરૂણ આવતો હોય છે. તેમાં પણ પરણેલા પ્રેમીઓ ભાન ભુલી લફરાઓ કરવા માંડે તો એક સાથે તેમના પરિવારોના હર્યાભર્યા માળાઓ વિંખાઇ જતાં હોય છે. પરણેલા યુવાન અને પરણેલી યુવતિ વચ્ચે પ્રેમ થઇ ગયા બાદ આ બંને પોતાના સાથીદારોને, પરિવારજનોને તરછોડીને ભાગી નીકળ્યા હતાં. જીવતેજીવ એક નહિ થઇ શકાય તેમ લાગતાં બંનેએ નદીમાં કૂદી પડી પોતાની પ્રેમકહાની સાથે પોતાના જીવનનો પણ અંત આપી લીધો હતો. આ ઘટનાએ ચકચાર જગાવી દીધી હતી.



વિશેષ વિગતો પર નજર કરીએ તો પ્રેમ આંધળો હોય છે એવું લોકો કહેતાં હોય છે. પરંતુ અમુક ઘટનાઓ એવી બનતી હોય છે જેમાં એમ કહી શકાય કે અહિ પ્રેમ નહિ પરંતુ પ્રેમીઓ જ આંધળા હતાં! પરણિત પ્રેમી પંખીડા ઘરેથી ભાગી જઈને બ્રિજ પરથી તાપી નદીમાં કૂદી ગયા હતા. આ અંગેની જાણ થતા શોધખોળ કરવામાં આવી હતી. જો કે કોઈ પતો લાગ્યો ન હતો, દરમિયાન પ્રેમીનો મૃતદેહ તાપી નદીમાંથી ચાર દિવસે મળી આવ્યો હતો. જ્યારે પ્રેમિકાનો મૃતદેહ પાંચમાં દિવસે મળ્યો હતો. પાંચ દિવસથી લાશ પાણીમાં હોવાથી ઓળખવી મુશ્કેલ હતી. દરમિયાન આજે પરિવાર આવતા શરીર પરની વસ્તુઓ પરથી ઓળખ થઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ બંને પ્રેમી પંખીડાઓ પરિણીત છે. તેમના પ્રેમ સંબંધ અંગે પરિવારને જાણ થઈ જતા તેઓ એક ન થઈ શકે તેવું માની આ પગલું ભર્યું હોવાની વિગતો ખુલી હતી.

પોલીસે જાહેર કરેલી વધુ માહિતી અનુસાર મુળ ભાવનગર અને સુરતમાં પર્વત પાટિયા વિસ્તારમાં અમેજિયા વોટરપાર્ક પાસે ખુલ્લા પ્લોટમાં એકવીસ વર્ષીય રાકેશ ભુપતભાઈ પરમાર પરિવાર સાથે રહેતો હતો. તેની સામે જ બાવીસ વર્ષીય પરિણીત યુવતિ રહેતી હતી. બંને ત્રણવર્ષથી એકબીજાના સંપર્કમાં હતા અને બંનેનો પ્રેમસંબંધ બંધાયો હતો. જોકે આ બાબતે પરિવારજનોને પણ જાણ થઈ ગઈ હતી. દરમિયાન રાકેશના ઘરે દીકરાનો જન્મ થયા બાદ બંનેને એવું હતું કે હવે બંને સાથે રહી શકે તેવી સ્થિતિ ન હોવાનું માની રહ્યા હતા. આ પછી રાકેશ અને તેની પ્રેમિકા સાથે બપોરે બાઈક પર ઘરે કંઈપણ કહ્યા વિના નીકળી ગયા હતા. ત્યારબાદ બંને મગદલ્લા બ્રિજ પર પહોંચી ગયા હતા. જ્યાં બાઈક અને મોબાઇલ ફોન બ્રિજ પર જ મૂકી બંને તાપી નદીમાં કૂદી ગયા હતા. જે અંગે પરિવારને પણ જાણ કરવામાં આવી હતી. ફાયર વિભાગને પણ જાણ કરવામાં આવી હતી. ફાયર વિભાગ દ્વારા બંનેની શોધખોળ હાથ ધરી હતી. જોકે ચાર દિવસ કોઈ પત્તો લાગ્યો ન હતો. બીજી પરિવાર અને સંબંધીઓ પણ શોધખોળ કરતા હતા.

દરમિયાન રાકેશનો મૃતદેહ સરદાર બ્રિજ નીચે સરિતા સંકુલ નજીકથી મળી આવ્યો હતો. જેથી ફાયર વિભાગ દ્વારા રાકેશના મૃતદેહને નદીમાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. દરમિયાન હવે રાકેશની પ્રેમિકાનો પણ મૃતદેહ મળી આવ્યો હતો. અડાજણમાં સ્વામિનારાયણ મંદિર નજીક પ્રમવતી ભોજનાલયની પાછળ તાપી કિનારે મેટ્રો રેલવે પ્રોજેક્ટની જગ્યામાં પાણીમાંથી મહિલાની લાશ મળતા ફાયર બ્રિગેડના જવાનોએ પોલીસને સોંપી હતી. યુવતિએ પીળા કલરની સાડી અને પીળા કલરનું બ્લાઉઝ તથા કથ્થાઈ રંગનો ચણિયો પહેરેલો હતો. બંને કાનમાં બુટ્ટી અને કડી પહેરેલી હતી. તેના પગમાં ધાતુના ઝાંઝર હતા. આ મહિલાની લાશને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. પહેલા તો રાકેશ સાથે જે યુવતિ કૂદી હતી તેના અંગે તપાસ કરવામાં આવી હતી જોકે કોઈ ઓળખ થઈ ન હતી.

દરમિયાન ગામડેથી પરિવાર આવતા મળેલી વસ્તુ પરથી આ યુવતિની ઓળખી થઈ હતી. જેથી રાકેશની સાથે તેની પ્રેમિકા નદીમાં કૂદી હતી એ જ હોવાનું સામે આવ્યું હતું. બંનેના મૃતદેહ વચ્ચે એક કિમીની અંતર હોવાનું જાણવા મળ્યું હતું. આમ વધુ એક લવલફરા, પરણેલાઓની પ્રેમકહાનીનો કરૂણ અંત આવ્યો હતો.

## શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

### કળીયુગમાં કૂદકે ને ભૂસકે વધતી અરાજકતા બુદ્ધ પુરુષની કરુણા વગર કેમ ખત્મ થાય!!



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગઈકાલે હરિ મંદિરમાં પૂજા કરતી હતી, અને મન કંઈક સંસારી ઉલઝનમાં અટવાયેલું હતું, એટલે શંકર પર અભિષેક કરવાનો મંત્ર યા તે રૂદ્ર શિવા.. ગણેશ અને શ્રીચંત્રની પૂજામાં બોલાયો,પણ લાલજીનો વારો આવ્યો એટલે જમુનાજી માં કેસર ઘોળી.. એમ જ બોલાયું! એટલે થયું કે જેની એક એક લીલા ઋજુ અને મધુર છે, એ રૌદ્ર કંઈ રીતે હોય શકે! પછી તો ચિંતનની ધારા સમય ચક્રનાં પૈડે છેક સતયુગ સુધી પહોંચી, અને દરેક કાળનાં મુખ્ય ગુણ અને એની સામે સમતોલ કરતાં મુખ્ય ભાવની ભૂમિકાનું સુંદર છણાવટ ભર્યું ચિંતન સહજ જ હૃદયમાં મંદાકિનીનાં ખળખળ કરતાં નીર જેમ વહ્યું.

**સતયુગ :** સમય ચક્રનાં આ પડાવનું ચિંતન કરીએ તો, શિવ અને પાર્વતીનાં ગૃહ વિહારનો સમય. સતયુગમાં ગુણની રીતે ત્રિગુણાતીત એટલે સત્વ રજસ અને તમસથી પરે ની માનસિકતા વધુ જોવા મળતી. આપ સૌને થશે કે આવું વિધાન કેમ ! કારણકે ત્યારે જ દુર્ગાનાં કાલી અને ચંડી સ્વરૂપનો ઉલ્લેખ છે! શુંભ નિશુંભ અને મહિષાસુર જેવા અનેક રાક્ષસોનાં વધની કથા છે. વધ અને હત્યામાં ફેર છે! વધ અહિંસાની ભાવનાથી અને સામેની વ્યક્તિનાં ઉદ્ધાર માટે ઈશ્વરીય શક્તિ દ્વારા કરવામાં આવે છે, એમાં બદલાની કોઈ ભાવના હોતી નથી! જ્યારે હત્યા તમસ ગુણની પ્રધાનતા એ આચરેલું એક ક્રૂર કર્મ છે! જે મોટેભાગે કોઇને કોઇ પ્રકારનાં બદલાની ભાવનાથી કરવામાં આવે છે. એટલે આજના સમાજમાં અંતરમાં ત્રિગુણાતીત ભાવ નિત્ય રાખવો અથવા બુદ્ધિની એ કક્ષા સુધી જવું અશક્ય છે.

**ત્રેતાયુગ :** સમયનો આ મોડ તપાસીએ તો ખ્યાલ આવશે કે, ભગવાન શ્રી રામ સહિત રાજા દશરથનો આખો પરિવાર સત્વ ગુણની પ્રધાનતા ધરાવે છે! સૌ કૈકેયી માટે કદાચ સંમત ન થાય, કારણ કે એનાં કારણે અયોધ્યામાં રામરાજ્ય ૧૪ વર્ષ બાદ થયું! પરંતુ આ વનવાસની ઘટનાનું મૂળ રાજા દશરથ એ આપેલા બે વચનો છે! કૈકેયી એ રાજા દશરથને જીવનાં જોખમે યુદ્ધમાં મદદ કરી એટલે દશરથ દ્વારા એને બે વચન મળ્યાં. કૈકેયી પતિવ્રતા ધર્મ નિભાવ્યો, અને દશરથ રાજા એ પણ એ વચન માટે પુત્રને વનવાસની આજ્ઞા કરી! પુત્ર એ પિતાનાં વચનને કોઈ દલીલ વગર સ્વીકારી! સીતા એટલે કે રામની પત્ની એ પોતાને વનવાસની કોઈ આજ્ઞા નહોતી, છતાં પતિ સાથે ગયાં, લક્ષ્મણ પણ ભાતૃપ્રેમ માટે સાથે ગયા! ભરતને રાજગાદી મળી છતાં નંદીગ્રામ એટલે કે શ્રીરામ જેમ વનમાં રહ્યા! ટૂંકમાં આખો પરિવાર સત્ય અને મર્યાદાને અનુસર્યો, કે એમ કહો કે સત્વ ગુણની પ્રધાનતા સિદ્ધ કરી. આનાં પરથી કહી શકાય કે એ સમયનાં સમાજમાં તપ કર્મની બોલબાલા હતી, તો મિથિલા જેવી નગરીમાં વેદ વેદાંતનો શાસ્ત્રાર્થ રાજ ભવનમાં પણ થતો,આમ સત્વની પ્રધાનતા હતી. ત્રેતાયુગમાં વચનનાં સત્યને કારણે સમાજમાં ન્યાય થતો અને એ રીતે સમાજ વ્યવસ્થા સ્વસ્થ રહી શકી.

**દ્વાપર :** દ્વાપર એટલે કૌરવ પાંડવ વચ્ચેનાં ભીષણ યુધ્ધનો સમય ! જરાં પાછળ નજર કરીએ તો રામ અને રાવણમાં માનવ દાનવ, જ્યારે કૌરવ પાંડવ તો માનવ માનવ કરતાં પણ ભાઈ ભાઈ હતા! અને અહીં પણ યુદ્ધનો મુખ્ય મુદ્દો તો રાજગાદી અને સ્ત્રી જ હતો! પણ એકંદરે સમાજ રજસની પ્રધાનતાને કારણે ભોગ પ્રેરિત સુખ પાછળ દોડતો હતો, અને એટલે જ જોઈ શકાય છે, ધૃત ક્રિડા, મદીરા પાન અને સતત મારું મારું ની અવદશા! દશરથને ત્રણ રાણી જ્યારે દ્રૌપદીને પાંચ પતિ! પણ એ જ સમયમાં શ્રીકૃષ્ણ ચરિત્રની અવતાર લીલા જોઈએ તો પૃથ્વી પર પ્રેમ તત્વની પુષ્ટિ માટે સત્યને વિઘટિત કર્યું, અથવા એમ કહો કે પરમ સત્યને અનુસર્યા, અને ગોકુળના ગોપ, ગોપી, ગાયથી, શરૂ કરીને જીવનનાં અંતિમ ચરણ સુધી સૌમાં પ્રેમને પ્રસાદ જેમ વહેંચ્યો! છતાં પોતે પ્રેમથી વંચિત રહ્યાં. જે જે પ્યારું લાગ્યું, જીંદગીએ એ જ એની પાસેથી છીનવી લીધું! કાળની ગતિ તો જુવો! ઈશ્વર અવતારનું પણ એક પારધીનાં હાથે મૃત્યુ! એનાં પરથી કહી શકાય કે દ્વાપરમાં ભોગની કે સુખની બોલબાલા હતી, અને રજસ ગુણની પ્રધાનતા, અને એમાં સમતોલન જાળવવા માટે કે ન્યાય માટે કૃષ્ણની પ્રેમ ભાવની પૂર્તિ એ જ સમાજ ટકી શક્યો.

**કળીયુગ :** કળીયુગની પૌરાણિક દંતકથા મુજબ પરિક્ષિતના બાણથી ઘવાયેલા કળીયુગ એ થોડા આશ્રય સ્થાન માંગ્યા હતાં, અને રાજા એ કહ્યું હતું કે તું પ્રત્યક્ષ રહી નહીં શકે, પણ માનવીનાં અંતરમાં વિસ્તરીને તારું સામ્રાજ્ય બનાવી શકીશ, અને એમ કરતાં કરતાં આજે તો એનું વિસ્તરણ અધધધ...સમયનાં આજનાં દોરની વાત કરવા જેવી જ નથી, છતાં કરીએ તો ગુણની બાબત આજે સમાજમાં ૮૦/૨૦ નો રેશિયો છે. જેમાં ૮૦% તમસ અને ૨૦% માં રજસ, સત્વ ગુણની પ્રધાનતા જોવાં મળે છે. રામચરિત માનસમાં તુલસીદાસજી એ કળીયુગનું જે વર્ણન કરેલ છે, એ વાંચીએ ત્યારે આપણને એમ થાય કે, શું આપણો સમાજ આવો છે? કેટલી ગંદી માનસિકતા! કે જ્યાં પરિવારમાં પણ સ્ત્રીને અસુરક્ષાનો ભાવ થાય, સ્ત્રી શું અહીં તો દીકરી પણ.. જ્યાં જુવો ત્યાં અત્યાચાર અને બલાત્કાર! કામ ભાવની પૂર્તિ માટે ન જાણે કેટલુ અધ પતન.. તો ક્યાંક જીત માટે કે સિદ્ધિ માટે તામસી તંત્રનાં પ્રયોગો! અરેરાટી થઈ જાય એવાં. તમસની પ્રધાનતાને કારણે સમાજમાં આક્રમક વલણ વધતું જાય છે, જેને કારણે હિંસા પ્રર્વતી રહી છે. આ હિંસાને ઓછી કરવા માટે સત્ય પ્રેરક ન્યાય કામ આવે નહીં! તો પ્રેમ, હુંફ, લાગણીથી એકલ દોકલનો ઉદ્ધાર કે સુધારો શક્ય છે! પણ કરુણા એક એવો ભાવ છે, જે તમસની આક્રમકતાને ઓછી કરી શકે! કરુણા ભલભલા ગુનાહને માફ કરી સ્વીકાર કરે છે, અને બુદ્ધ પુરુષોનાં કે સંતોની કરુણાનાં ઉત્તમ ભાવથી જ સમાજ આટલી વિકૃતિ હોવા છતાં ટકી શક્યો છે. આમ તો ચોવીસ અવતારની કથામાં કળીયુગમાં કલ્કી અવતારની વાત છે! પણ કુદકે ને ભૂસકે વધતી અરાજકતા ને સમ કરવા કોઈ એક અવતાર અત્યારે આ વિષમ પરિસ્થિતિને કાબૂમાં લઈ શકે એમ નથી, એવું લાગતાં ઈશ્વરે બુદ્ધ પુરુષ કે સંતોનાં અવતારને પૃથ્વી પર મોકલવાનું નક્કી કર્યું હશે! મૂળ વાત એ છે કે કળીયુગ આપણે કારણે જ આટલો વિસ્તર્યો છે, તો સદગુરુ એ સૂચવેલી થોડી જાગૃતિ રાખીને જે જે એનાં સ્થાન બતાવ્યા છે, ત્યાંથી આપણે જ એને કાઢીને સમયને સતયુગ તરફ ગતિ કરાવી શકીશું! આપણે સૌ જાગૃતિ રાખી શકીએ એવી એક અનન્ય પ્રાર્થનાં ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)**

યુનિવર્સિટી રોડ પર આવેલી કોલેજના વિદ્યાર્થીએ વ્હોટ્સએપ ગ્રુપમાં ધરતીના જન્મ વિશેનો વિડીયો પોસ્ટ કરતાં બીજા છાત્રોએ અણછાજતી કોમેન્ટ કરી ગ્રુપમાં જ ધમકીઓનો મારો ચલાવ્યો, પછી કોલેજમાં બઘડાટી બોલાવી

# L.L.B.ના છાત્ર પર કોલેજના બાથરૂમમાં હુમલો-હત્યાની ધમકી

## પ્રોફેસરોની હાજરીમાં પણ બે છાત્રોએ ધમાલ મચાવ્યાનો આરોપઃ અપહરણ કરવાની, ખાનદાન ખોઇ નાખવાની ધમકીઓ મળીઃ યુનિવર્સિટી પોલીસે કાર્યવાહી કરી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૪**

રાજકોટઃ કોલેજોમાં કોઇને કોઇ મુદ્દે છાત્રો વચ્ચે માથાકુટ થતી રહેતી હોય છે. આવા કિસ્સા ઘણીવાર ઘરમેળે સમાધાન થતાં ખતમ થઇ જતાં હોય છે. તો ઘણીવાર પોલીસ સુધી આ ડખ્ખા પહોંચી જતાં હોય છે. આવો જ એક કિસ્સો પોલીસ ચોપડે પહોંચ્યો છે. શહેરના યુનિવર્સિટી રોડ પર આવેલી હરિવંદના કોલેજમાં એલએલબીનો અભ્યાસ કરતાં યુવાને કોલેજના ગ્રુપમાં યુ-ટયુબર ધ્રુવ રાઠીનો ધરતીના જન્મને લગતો વિડીયો પોસ્ટ કર્યો હોઇ તેની આ પોસ્ટ પર બીજા વિદ્યાર્થીઓએ કારણવગરની ટીપ્પણીઓ કરી તેમજ તેને માર મારવાની અપહરણ કરવાની અને ખાનદાન ખોઇ નાખવાની તથા કોલેજે આવી જા જોઇ લઇશુ, ગોત્યો નહિ જડે તેવી ધમકી આપી તેમજ તે કોલેજ ખાતે જતાં ત્યાંના બાથરૂમમાં બે છાત્રોએ આવી મારકુટ કરી ધમકી આપતાં એફઆઇઆર દાખલ કરવામાં આવી છે.

ચર્ચા જગાવતાં આ બનાવની વિગતો પર નજર કરીએ તો આ મામલે યુનિવર્સિટી પોલીસે મવડી ઓમનગર ૪૦ ફુટ રોડ પર પટેલનગર-૨ ખોડિયાર પાન સામે રહેતાં અને હરિવંદના કોલેજમાં એલએલબીના પહેલા વર્ષમાં અભ્યાસ કરતાં ઓગણચાલીસ વર્ષના વિવેક રસિકભાઇ કાલરીયાની ફરિયાદ પરથી ભરત જોષી અને યજ્ઞેશ મહેતા વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. વિવેક કાલરીયાએ જણાવ્યું છે કે-મારી કોલેજમાં માહિતીની આપ-લે કરવા માટે વ્હોટ્સએપમાં 'એલએલબી કમ્બાઇન' નામે ગ્રુપ બનાવેલુ હોઇ તેમાં કોલેજના બીજા છાત્રો પણ જોડાયેલા છે. આ ગ્રુપનો ઉપયોગ અમારી કોલેજના સમાચારો તથા નોલેજની જાણકારી, માહિતીની આપલે કરવા માટે થાય છે.

દરમિયાન તા. ૮/૧૨ના રાતે બે વાગ્યે હું ઘરે હતો ત્યારે આ કોલેજના ગ્રુપમાં મેં ફેમસ યુ-ટયુબર ધ્રુવ રાઠીના એક વિડીયોની લિંક શેર કરી હતી. આ વિડીયોમાં પૃથ્વીનો જન્મ કઇ રીતે થયો તેના વિશેની વાત હતી. ધ્રુવનો આ વિજ્ઞાન વિષયક વિડીયો તા. ૫/૮ના રોજ પબ્લીકશ થયેલો હતો. મેં આ વિડીયો ૮મીએ રાતે ૨:૫૪ કલાકે પોસ્ટ કર્યો હતો. આ પછી તેમાં ઘણા બધાએ કારણવગરની ટીપ્પણીઓ કરી હતી. આથી મેં તેમાં તથ્યો અને તાર્કિકતા ઉપર ચર્ચા કરવા કહ્યું હતું અને ખોટા વિવાદ નહિ કરવા કહ્યુ હતું. જેમાં ભરત જોષી અને યજ્ઞેશ મહેતા તથા અર્ચના સરવૈયા, ધ્રુવી સતાસીયા ઉર્ફે એન્કર ધ્રુવી તથા તેને ઉશ્કેરણીની પ્રેરણા અને અત્યાચારમાં સાથ આપનારા શક્તિભાઇ જાડેજા, રાહુલ પરમાર, નીધીબેન અકબરી, પ્રિન્સ રામાણી સહિતે મારા વિડીયો પર ખાસ વિચારધારા અને દુષ્પ્રેરણાથી પ્રેરાઇની વિડીયોમાં



કહેલી વિજ્ઞાનની વાતો, વિડીયો બનાવનાર તથા મારા પર વ્યક્તિગત કાયદા વિરૂધ્ધની ખોટી અને કારણવગરની ટીપ્પણીઓ કરી હતી.

વિવેક કાલરીયાએ આગળ જણાવ્યું છે કે ત્યારબાદ આ બધાએ વિવાદ અને ઝઘડો કરી મને માર મારવાની ધમકી આપેલી અને અપહરણ કરવાની ધમકી આપી હતી. તેમજ ખાનદાન ખોઇ નાખવાની ધમકી પણ આપી હતી. એટલુ જ નહિ જાહેરમાં પણ મારુ અપમાન કરી ધર્મ ઉપર ટીપ્પણીઓ કરવા માંડ્યા હતાં અને કોલેજે આવી જા મળી અને જોઇ લઇશું, તને ખોઇ નાખશુ, ગોત્યો નહિ જડે આવી ધમકીઓ, જ્ઞાતિમાં ઉંચનીચ તથા ઘમંડ અને દાદાગીરી કરી ભેદભાવ કર્યો હતો. આ બધુ વ્હોટસએપ ગ્રુપમાં લખ્યું હતું અને મને હેરેસમેન્ટ કર્યુ હતું.

મેં પુરાવા રૂપે ગ્રુપના આ લખાણના સ્ક્રીનશોટ લીધા હતાં. આ બધાએ એકબીજાને ઉશ્કેરી ષડયંત્ર કરી તોછડુ બોલી ધમકી આપી જાહેર શાંતિનો ભંગ કરી ફોજદારી ગુનો આચર્યો હોઇ અને બંધારણની કલમોનું હનન કર્યુ હોઇ તેમજ ફોજદારી-આઇટી એક્ટ હેઠળ ગુનો આચરી મારી સુરક્ષા જોખમમાં મુકી દીધી હતી. ત્યારબાદ સાંજે પાંચેક વાગ્યે હું ઘરે હતો ત્યારે પ્રોફેસર આબીદભાઇ માકડાને મેં ફોન પર વિવાદની જાણ કરી હતી. એ પછી તેણે સમાધાન કરાવવા મને કોલ કર્યો હતો. ત્યારે કોન્ફરન્સ કોલમાં યજ્ઞેશ મહેતા અને શક્તિભાઇ જાડેજા સામેલ હોઇ પ્રોફેસર આબીદભાઇએ સમાધાનની વાત કરતાં યજ્ઞેશ મહેતાએ આ વખતે પણ ફોનમાં જેમ તેમ બોલી ગાળો દીધી હહતી, આ પછી પ્રોફેસર આબીદભાઇએ ફોન કટ કરી નાખ્યો હતો.

ત્યારપછી તા. ૯/૧૨/૨૪ના બપોરે હું બે વાગ્યે હરિવંદના કોલેજમાં લેકચર ભરવા ગયો ત્યારે સાંજે ચારેક વાગ્યે લેકચર પુરા થતાં બાથરૂમ કરવા જતાં મારા ક્લાસમાં અભ્યાસ કરતાં ભરત જોશી અને યજ્ઞેશ મહેતા તેના ષડયંત્રના ભાગરૂપે આવ્યા હતાં અને મને ધાકધમકી દઇ ગાળો દઇ ઝઘડો કર્યો હતો. તેમજ ઇરાદાપુર્વક જીવલેણ હુમલો કરી તૂટી પડ્યા હતાં. જેમાં મને મોઢા, ગળા, હાથ પગ પર ઇજા થઇ હતી. મારા ચશ્મા પણ પડી ગયા હતાં. તેમજ મારી આંખ ફુટી જતાં બચી ગઇ હતી. બાથરૂમ લપસણું હોઇ હું નીચે પડી જતાં સાઇડમાં રહેલી ગેંડી અને નીચે લાદી પર મારુ માથુ અથડાતાં હેમરેજ થઇ મૃત્યુ થઇ જવાની શક્યતા હતી.

પણ મેં સ્વબચાવ કરવા સંતુલન જાળવી ઉભા થવાનો પ્રયાસ કરતાં આ બંનેએ અવરોધ ઉભો કર્યો હતો અને શર્ટ ફાડી નાખ્યો હતો. ત્યાં મિત્રોનું ધ્યાન પડતાં તેઓ આવી ગયા હતાં અને મને છોડાવ્યો હતો. આ રીતે હું મારો જીવ બચાવવામાં સફળ રહ્યો હતો. ત્યારબાદ હું પ્રોફેસરના રૂમમાં ગયો હતો અને ઘટનાની જાણ કરી હતી. મને હાથ, પગ, શરીરે, ગળામા દુઃખાવો થતો હતો. મુંઢ માર, ઇજાના ઉજરડાના અમે પુરાવા રૂપે ફોટા લીધા હતાં. આ પછી પ્રોફેસર અને છાત્રોની હાજરીમાં પણ ભરત અને યજ્ઞેશ તથા બીજા આવી જતાં મેં મોબાઇલ ફોનમાં વિડીયો શુટીંગ ચાલુ કરતાં બધાની હાજરીમાં પણ આ બંનેએ અભદ્ર વર્તન કરી ચાલુ વિડીયો કેમેરામાં પણ ધાકધમકી આપી હતી.

ફરી આ લોકો હુમલો કરે તેમ લાગતું હતું. પણ પ્રોફેસરોએ મને બચાવ્યો હતો અને આ લોકોને રવાના કરી દીધા હતાં. ફરિયાદને લગતાં સીસીટીવી ફટેજ પણ જોવા મળશે. આ રીતે આ શખ્સોએ બીજા છાત્રો, પ્રોફેસરો માટે ભયનું વાતાવરણ ઉભુ કર્યુ હોઇ મારે ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં વિવેક કાલરીયાએ જણાવતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એચ. એન. પટેલના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ ડી. આર. રત્નુએ ગુનો દાખલ કરાવતાં આગળની તપાસ પીએસઆઇ એન. જે. મશાકપુત્રાએ હાથ ધરી છે. કોલેજમાં થયેલા આ ડખ્ખાએ ચકચાર જગાવી છે.

સોમનાથની ચિંતન શિબિરમાં કરેલી જાહેરાતનો ત્વરિત અમલ

# ગુજરાતને ટેક્નોલોજી સભર બનાવવા A.I ટાસ્કફોર્સની કરાઈ રચના

## ગીફ્ટ સિટીમાં A.I. સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના માટે રાજ્ય સરકારે તાજેતરમાં માઈક્રોસોફ્ટ સાથે કરેલા ખઘઞ સહિત A.I.ના વિવિધ સ્તરે ઉપયોગ માટે લીધેલા ઈનીશિયેટીવ્સને વેગ મળશે

રાજકોટ, તા. ૧૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટેકનોલોજી ડ્રીવન ગવર્નન્સ અને સામાજિક આર્થિક વિકાસમાં ગુજરાતને અગ્રેસર રાખવાના વિઝનમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો સમુચિત ઉપયોગ કરવાની જાહેરાત રાજ્ય સરકારની તાજેતરની વાર્ષિક ચિંતન શિબિરમાં સોમનાથ ખાતે કરી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતે 'જે કહેવું તે કરવું'ની કાર્યસંસ્કૃતિ વિકસાવી છે તેનું તાદશ્ય ઉદાહરણ મુખ્યમંત્રીની તાજેતરની જ આ જાહેરાતને પગલે રાજ્ય સરકારે અ.ઈ. ટાસ્કફોર્સની રચનાથી પૂરું પાડ્યું છે.




નાગરિકોને યોજનાઓ, સેવા-સુવિધાઓનો લાભ અસરકારક રીતે અને ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ સાથે ઝડપથી મળી રહે તે માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ નો વિનિયોગ એ હાલના સમયની માંગ છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે આ દિશામાં આગળ વધતા ગિફટ સિટીમાં આર્ટીફિશ્યલ ઈન્ટેલિજન્સ સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના માટે તાજેતરમાં માઈક્રોસોફ્ટ સાથે ખઘઞ કરેલા છે.

આ સેન્ટરમાં મશીન લર્નિંગ, કોગ્નિટિવ સર્વિસીસ અને બોટ સર્વિસ જેવી મુખ્ય ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. આ ટેક્નોલોજીઓ વિવિધ ક્ષેત્રોના પાયલોટ પ્રોજેક્ટ્સ, સફળ પાયલોટ પ્રોજેક્ટ્સનું રોલઆઉટ અને વિવિધ તાલીમ કાર્યક્રમો યોજશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (અઈ) સેન્ટર નાગરિકોને અસરકારક, સમયબદ્ધ સેવા પહોંચાડવા, મૂળભૂત સ્તરે નવીનતાને પ્રોત્સાહન આપીને અને ઉત્પાદન, હેલ્થકેર અને શિક્ષણ સહિત વિવિધ ક્ષેત્રોમાં ટેક્નોલોજીકલ પ્રગતિને વેગ આપી સરકાર અને ઉદ્યોગ એમ બંને માટે વિસ્તૃત સાથ સહકાર પ્રદાન કરશે.

રાજ્ય સરકારની સોમનાથ ખાતે યોજાયેલી ચિંતન શિબીરમાં મુખ્યમંત્રીએ સુશાસનની વ્યાપકતાથી સોશિયલ ચેલેન્જીસના ઉપાયો માટે અ.ઈ.નો હોલીસ્ટિક એપ્રોચ સાથે વ્યૂહાત્મક ટેકનોલોજી તરીકે ઉપયોગ કરીને નિર્ણય પ્રક્રિયામાં ગતિ અને પારદર્શીતા લાવવા સાથે સેચ્યુરેશન એપ્રોચ પાર પાડવામાં અ.ઈનો ઉપયોગ ઉપકારક બને તેવી આપેલી પ્રેરણાને પગલે હવે આ અ.ઈ. ટાસ્કફોર્સની રચના કરી છે.

રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના અગ્રસચિવ આ ટાસ્ફોર્સના અધ્યક્ષ તરીકે તેમજ સભ્યસચિવ તરીકે ઈઈઝ અને ઈ-ગવર્નન્સના નાયબ નિયામક સેવાઓ આપશે. પ્રારંભિક તબક્કે એક વર્ષના સમયગાળા માટે રચાયેલા આ ટાસ્કફોર્સની વાર્ષિક સમીક્ષા કરીને તેના સ્કોપ ઓફ વર્ક અને ફંક્શનીંગ વધુ સમય માટે લંબાવવા સાથે યોગ્ય સુધારાઓ પણ કરાશે.

આ ટાસ્કફોર્સના સભ્યોમાં ઈઈઝ અને ઈ-ગવર્નન્સના ડિરેક્ટર, ઈઈઝ ગાંધીનગરના ડિરેક્ટર અને ઈઈઈઝના ડિરેક્ટર ઉપરાંત ઇન્ડિયા અ.ઈ. મિશનના વરિષ્ઠ તજજ્ઞ તેમજ ગઈઈ, ઈ-ઉઅઈ, ગટઈઉઈઅ તથા ઈજ્રછ્ઈઝના વરિષ્ઠ તજજ્ઞોનો સમાવેશ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારે રચેલી આ અ.ઈ. ટાસ્કફોર્સના સ્કોપ ઓફ વર્કમાં જે બાબતો આવરી લેવામાં આવી છે. એ.આઈ. ટેકનોલોજીથી સુસજ્જ સ્ટેટ ડેટા સેન્ટર સહિતના એ.આઈ. ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે એક્સપર્ટ એ.આઈ. સલાહ પૂરી પાડવી વગેરે મહત્વ પૂર્ણ જવાબદારીઓ પણ આ ટાસ્કફોર્સ નિભાવશે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અ.ઈ. ટાસ્કફોર્સની રચનાને અનુમોદન આપ્યું છે અને ઉજ્ઞ્ઝ દ્વારા આ અ.ઈ. ટાસ્કફોર્સની રચના સંદર્ભનો વિસ્તૃત ઠરાવ પણ બહાર પાડવામાં આવ્યો છે.

### વિવિધ મુદ્દાઓને લેવામાં આવ્યા છે ધ્યાને

- સ્ટ્રેટજિક પ્લાનિંગઃ સર્વગ્રાહી એ.આઈ. રોડમેપ અને એના અમલીકરણ માટેની સ્ટ્રેટજીઝ તૈયાર કરવી.
- એ.આઈ. એડોપ્શનઃ સરકારી અને બિન-સરકારી ક્ષેત્રના વિવિધ સેક્ટર્સમાં એ.આઈ.ના ઉપયોગની ઓળખ કરવી
- પોલિસી એડવોકેસીઃ ઈન્ડિયા.એ.આઈ. મિશન સહિતના રાષ્ટ્રીય એ.આઈ. ફ્રેમવર્ક અને નીતિઓ સાથે સુસંગતતા સુનિશ્ચિત કરવી.
- કોલાબ્રેશનઃ શિક્ષણ વિદો અને ઔદ્યોગિક આગેવાનો, સ્ટાર્ટઅપ્સ અને ઈન્ટરનેશનલ એ.આઈ. ઈકોસિસ્ટમના સહભાગીઓ સાથે ભાગીદારી કરવી.
- કેપેસિટી બિલ્ડિંગઃ ગુજરાતમાં એ.આઈ. લિટરસી, રિસોર્સ મોબિલાઈઝેશન અને સ્કીલ ડેવલપમેન્ટને વધુને વધુ પ્રોત્સાહિત કરવું.
- ડેટા સિક્યોરિટીઃ ડેટા સિક્યોરિટી સહિતની એ.આઈ. એડોપ્શન-સંબંધિત તમામ બાબતોને આવરી લેવી.
- મોનિટરિંગ એન્ડ ઈવોલ્યુશનઃએ.આઈ. સોલ્યુશનના અમલીકરણનું નિરીક્ષણ, કોર્સ-કરેક્શન માટે સલાહસૂચનો આપવાં અને નૈતિક તથા અસરકારક એ.આઈ. પ્રેક્ટિસિસ સુનિશ્ચિત કરવી.
- ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચરઃએ.આઈ. ટેક્નોલોજીથી સજ્જ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસને સહાયક થવું તથા ડેટા સિક્યોરિટીની બાબતોને ખાસ ધ્યાનમાં રાખવી.
- ગુજરાતની જરૂરિયાતો માટે ખાસ તૈયાર કરવામાં આવેલ એ.આઈ. મોડલની તાલીમ અને માર્ગદર્શન આપવું.

# જામગઢનો પોક્સોનો આરોપી ફરાર જાહેર

રાજકોટ મિરર, તા.૧૬

કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પોક્સોના ગુનાના આરોપી રાજકોટના જામગઢમા રહેતા સંજય શંભુભાઈ મેઘાણીને પોક્સો કોર્ટ (ડિસ્ટ્રીકટ અને સેશન્સ કોર્ટ રાજકોટ) દ્વારા ફરાર જાહેર કરવામાં આવ્યો છે.

રાજકોટ કુવાડવા રોડ પોલીસ સ્ટેશન પી.આઈ.ની યાદીમાં જણાવાયા પ્રમાણે, રાજકોટના જામગઢ ગામે રહેતા સંજય શંભુભાઈ મેઘાણી સામે આઈ.પી.સી.ની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ તથા પોક્સોની કલમ-૩, ૪ મુજબ ગુનો નોંધાયેલો છે.

### ગૂમ થયેલા વૃદ્ધની ભાળ આપવા અપીલ

રાજકોટમાં સુદામા ટાઉનશીપ ખાતે રહેતા હીરામનભાઈ બડગુજર (ઉ.વ. ૭૦) તા. ૧૫ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ઘરેથી એકલા નીકળી ગયા છે, જે શરીરે મધ્યમ બાંધાના છે તથા સફેદ રંગનો શર્ટ પહેર્યો છે. ગુમશુદા વિશે કોઈ માહીતી મળે તો રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના ફોન નંબર ૦૨૮૧-૨૫૬૩૩૪૦ અથવા મો.નંબર ૬૩૫૯૬ ૨૭૪૧૫ અથવા ૯૮૯૮૪ ૦૫૧૬૦ પર સંપર્ક કરવા રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનની યાદીમાં જણાવાયું છે.

# જિલ્લા ફરિયાદ સહ સંકલન સમિતિની ૨૧મીએ બેઠક

રાજકોટ મિરર, તા.૧૬

રાજકોટ જિલ્લાની ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક તા.૨૧ ડિસેમ્બર ૨૦૨૪ શનિવારના રોજ સવારે ૧૧ કલાકે કલેકટર કચેરીના મુખ્ય સભાખંડ યોજાશે. આ બેઠકમાં ફરીયાદ સમિતિમાં રજૂ થયેલા પ્રશ્નોની સુનાવણી તેમજ સમીક્ષા કરાશે. બેઠકમાં ધારાસભ્યશ્રીઓ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે. તેમ પ્રોટોકોલ મામલતદાર, રાજકોટની યાદીમાં જણાવ્યું છે.

નટરાજનગર કૈલાસ પાર્કના વેપારી અને તેના પાંચ કુટુંબીજનોએ જેના પર વિશ્વાસ રાખી ટૂર બૂકીંગનું કામ સોંપ્યું એ સંજય પટેલ ગરીયો ફેરવી ગૂમ થઇ ગયો

# જવું'તું નૈનીતાલ પણ ગઠીયાએ ગોટે ચડાવ્યાઃ લાખોની ઠગાઈ

## યુનિવર્સિટી પોલીસે છેતરપીંડી મામલે એફઆઇઆર દાખલ કરી ગઠીયાને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૬**

રાજકોટઃ ગામના ગરીયા ફેરવવા માટે સદાય તત્પર રહેતાં ગઠીયાઓ એકેય તક જતી કરતાં નથી. અલગ અલગ નુસ્ખાઓનો ઉપયોગ કરી છેતરવાના ધંધા કરનારાઓને કોઇપણ દિવસ મોંઘવારી નડતી હોતી નથી. રાજકોટના છ લોકો કે જેમને નૈનીતાલ અને હરિદ્વાર ફરવા જવું હતું તેમણે અગાઉ નેપાળની ટૂર વખતે જેનો સંપર્ક થયો હતો એ શખ્સ પર ભરોસો મુકી નવી ટૂરની ગોઠવણ કરી આપવાનું કહી વિશ્વાસે ચાર લાખ ત્રીસ હજાર ચુકવી દીધા હતાં. જો કે આ છ લોકો અને તેમના પરિવારજનોને બાદમાં પોતાની સાથે છેતરપીંડી થઇ ગયાની ખબર પડી હતી. આ મામલે શહેરના યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ઠગાઇનો ગુનો દાખલ થતાં તપાસ શરૂ કરવામાં આવી છે.

વિગતો પર નજર કરીએ તો યુનિવર્સિટી પોલીસે નટરાજનગર કૈલાસ પાર્ક મેઇન રોડ પર રહેતાં છેતાલીસ વર્ષના હિતેન્દ્રભાઇ દેવજીભાઇ પડસુંબીયાની ફરિયાદ પરથી સંદિપ ધીરૂભાઇ મેઘાણી ઉર્ફે સંજય પટેલ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી છે. ભોગ બનેલા હિતેન્દ્રભાઇ પડસુંબીયાએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને મુળ વતન મોરબીનું વાવડી છે. મોરબી ખાતે હું ઓફસેટ પ્રિન્ટીંગનું કામ કરુ છું. ગત ૧૫/૩/૨૪ના રોજ અમારે કુટુંબીજનોને નૈનીતાલ, હરિદ્વાર ફરવા જવાનું હોઇ અમે સંદિપ મેઘાણી ઉર્ફે સંજય પટેલનો સંપર્ક કર્યો હતો. અગાઉ ૨૦૧૭માં ગણેશ ટૂર ટ્રાવેલ્સ મારફત અમે નેપાળ ગયા હોઇ ત્યારથી આ સંજય પટેલને અમે ઓળખતા હતાં.

આથી મેં તેને ફોન કરી નૈનીતાલ પ્રવાસની વાત કરતાં તેણે હું આવા ટૂર પ્રોગ્રામ કરુ છું, તમને તમામ વ્યવસ્થા કરી આપીશ તેવી વાત કરી હતી. એ પછી અમે સાધુ વાસવાણી રોડ પર




બોમ્બે હાઉસીંગ સોસાયટી રામેશ્વર મંડપ સર્વિસ પાસે તેની બેઠક હોઇ હું અને મારા કુટુંબી ધર્મેશ ભીમાણી ત્યાં ગયા હતાં. જ્યાં સંદિપ મેઘાણી ઉર્ફે સંજય પટેલ અમને મળતાં અમે નૈનીતાલ અને હરિદ્વાર ટૂરની વાત કરતાં તેણે આખો પ્રોગ્રામ સમજાવ્યો હતો. જેમાં રહેવા જમવાની સુવિધા સાથે ફ્લઇાટ ટિકીટનું શેડ્યુલ હતું. તેણે અમને રીયા હોલીડે નામની સ્લીપ આપી હતી.

તેમજ અમારા ફોનમાં સંજય પટેલે હોટેલ, બસના ફોટાઓની વિગતો મોકલી હતી. એ પછી સંજયે કહેલુ કે હું મારો કોરો ચેક મોકલુ એ ખાતામાં ફ્લાઇટ ટિકીટ માટેના રૂપિયા ભરવાના છે. એ પછી મેં નાગરિક સહકારી બેંક રૈયા રોડ બ્રાંચના મારા ખાતામાંથી સંજય પટેલના ખાતામાં ૫૦ હજાર અને ધર્મેશ ભીમાણીના જામનગર ડિસ્ટ્રીક્ટ બેંકના ખાતામાંથી ૪૫ હજાર, પરેશભાઇ ચનાભાઇ દુધાગરાના જામનગર બેંકના ખાતામાંથી ૬૦ હજાર, અનિલભાઇ દેવજીભાઇ અઘારાના ખાતામાંથી ૬૦ હજાર મળી પ્રથમ વખત ૩,૧૦,૦૦૦ અમારા છ પરિવાર વતી સંજય પટેલને આપ્યા હતાં. ત્યારબાદ સંજયએ ફરી ફોન કરેલો કે જીમ કાર્બેટ નેશનલ પાર્ક અને સાઇટ સીન માટે અત્યારે જ બૂકીંગ કરાવવું પડશે તેના દોઢ લાખ થશે.

આથી અમે ફરીથી તા. ૨૪/૪/૨૪ના રોજ સંજય પટેલના ખાતામાં અમારા બધા વતી ૧,૨૦,૦૦૦ મોકલ્યા હતાં. આ રીતે તેને કુલ ૪,૩૦,૦૦૦ અમે ચુકવ્યા હતાં. એ પછી અમે ફ્લાઇટની ટિકીટો માંગતા તેણે બહાના બતાવવાનું ચાલુ કર્યુ હતું. છેલ્લે તેણે પોતે ૧૨મી મેના રોજ ટિકીટો આપશે તેમ કહેલુ પણ પછી તેનો સંપર્ક કરતાં ફોન બંધ આવતો હતો. અમે તેની બેઠક સાધુ વાસવાણી રોડના મંડપ સર્વિસ ખાતે જતાં ત્યાં પણ તે હતો નહિ. આજ સુધી સંજય પટેલનો ફોન બંધ આવે છે અને તે ક્યાં છે તેની ખબર નથી. અમારી સાથે ટૂર બૂકીંગના નામે તેણે ઠગાઇ કરી હોઇ અંતે ફરિયાદ કરી હતી. તેમ વધુમાં હિતેન્દ્રભાઇએ જણાવતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એચ. એન. પટેલના માર્ગશર્દન હેઠળ પીએસઆઇ ડી. બી. કારેથાએ ગુનો દાખલ કરી ઠગાઇ કરી છૂમંતર થઇ ગયેલા સંજય પટેલ ઉર્ફ સંદિપ મેઘાણીને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# વધુ એક વખત સીટી બસ જોખમી બની: વૃધ્ધને ગંભીર ઈજા

## ભક્તિનગર સર્કલ પાસે સાઈકલ પર પસાર થઈ રહેલા એંસી વર્ષના વૃધ્ધ ઠોકરે ચડતાં પગમાંથી છૂંદો નીકળી ગયો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૬**

રાજકોટ: શહેરમાં સીટી બસના ચાલકો અવાર-નવાર બેફામ ઝડપે બસ હંકારી અકસ્માત સર્જતા રહેતા હોવાની ફરિયાદો વચ્ચે વધુ એક આવો બનાવ બન્યો છે. જેમાં ભક્તિનગર સર્કલ પાસે સીટી બસના ચાલકથી સ્ટીયરીંગ અને બ્રેક પર કાબૂ ન રહેતાં આ બસની ઠોકરે એક સાઇકલ ચડી ગઇ હતી. આ સાઇકલ પર એક વૃધ્ધ સવાર હતાં તેઓ ફંગોળાઇ જતાં તેના પગ પર બસનું વ્હીલ આવી જતાં એક પગમાંથી માંસનો છૂંદો નીકળી જતાં તેમને ગંભીર ઇજા પહોંચી હતી. આ ઘટનાને પગલે મોટી સંખ્યામાં લોકોના ટોળા ભેગા થઇ જતાં થોડીવાર ટ્રાફિક જામ પણ થઇ ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો રાજકોટ શહેરમાં વસતાં લોકોની લોકલ સફર માટે સુવિધાજનક એવી સીટી બસને કારણે અનેક વખત અકસ્માત સર્જાય છે તો ક્યારેક બસ ચાલક અને બીજા વાહનચાલકો વચ્ચે માથાકુટ ગાળાગાળી કે મારામારી પણ થતી રહે છે. વધુ એક વખત સીટી બસને કારણે અકસ્માત સર્જાયો હતો અને રાહદારી લોહીલુહાણ થયા હતાં. વધુ એક વખત સીટી બસ રાહદારીની પીડાનું કારણ બની હતી. બનાવ એવો બન્યો હતો કે ભક્તિનગર સર્કલ નજીક બપોરે સીટી બસ નં.




જીજે૦૩બીવાય-૩૭૫૦ના ચાલકે એક સાઇકલને ઠોકરે ચડાવી દીધી હતી. આ સાઇકલ એક વૃધ્ધ ચલાવી રહ્યા હતાં. તેઓ સાઇકલ પરથી પટકાયા બાદ તેમના પગ પર બસનું વ્હીલ આવી જતાં પગમાંથી માંસનો લોચો નીકળી જતાં અરેરાટીભર્યા દ્રશ્યો સર્જાયા હતાં.

આ અકસ્માત બાદ બસનો ચાલક ઉભો રહી ગયો હતો. બીજી તરફ લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં. ઘટનાની જાણ થતાં પોલીસ પણ પહોંચી ગઇ હતી. વૃધ્ધને લોહીલુહાણ હાલતમાં લોકોએ ઉપાડીને ફટપાથ પર સાઇડમાં બેસાડ્યા હતાં. દરમિયાન કોઇએ જાણ કરતાં ૧૦૮ આવી જતાં તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી. સબ ઇન્સ. રામશીભાઇ વરૂની પુછતાછમાં આ વૃધ્ધે પોતાનું નામ દિલીપભાઇ મગનભાઇ નાંઢા હોવાનું અને પોતે ૮૦ વર્ષના હોવાનું કહ્યું હતું. તેમને બંને પગમાં ઇજા પહોંચી હોઇ ઇમર્જન્સીમાં પ્રાથમિક સારવાર બાદ ઇન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરાયા હતાં. વૃધ્ધને એક પગમાંથી છૂંદો નીકળી ગયો હતો. પગમાં ગંભીર ઇજા પામનારા દિલીપભાઇ નાંઢા હરિ ધવા માર્ગ પર શ્રધ્ધા પાર્કમાં રહે છે. ભક્તિનગર પોલીસે તેમની ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરી હતી.

# હૃદય બંધ પડી જવાથી મોતનો સિલસિલો યથાવત: સોની બજારના તેતાલીસ વર્ષના યુવાનનું મોત

## વાવડીમાં નવ મહિનાની નવજાત બાળકીનું બેભાન થઇ ગયા બાદ મોત

રાજકોટ: અચાનક હૃદય બંધ પડી જવાથી મૃત્યુની ઘટનાઓ યથાવત રહી હતી. વધુ એક આવા બનાવમાં એક યુવાને જીવ ગુમાવ્યો છે. જાણવા મળ્યા મુજબ સોની બજાર સવજીભાઇની શેરીમાં રહેતાં તેતાલીસ વર્ષના રણજીતભાઇ જયદેવભાઇ પુરકાઇ નામના બંગાળી યુવાનને તે રૂમ પર હતો ત્યારે પેટમાં દુઃખાવો ઉપડતાં તેને ગુંદાવાડી હોસ્પિટલે લઇ જવાયો હતો. ત્યાં દવા અપાતાં પરત આવતો હતો ત્યારે ફરી દુઃખાવો વધતાં ફરી ગુંદાવાડીમાં લઇ જવાયેલ. ત્યાંથી સિવિલ હોસ્પિટલમાં લઇ જવાનું કહેતાં અહિ ખસેડાયો હતો. પરંતુ



અહિ તેનું મૃત્યુ થતાં શોક છવાઇ ગયો હતો. રણજીતભાઇને સંતાનમાં બે પુત્ર છે. પોતે સોની બજાર માંડવી ચોકમાં નાસ્તાની દૂકાન ચલાવતા હતાં. હાર્ટએટેક આવી ગયાનું સગાએ કહ્યું હતું.

બીજા એક બનાવમાં ગોંડલ રોડ પર વાવડી પુનિતનગર વૃંદાવન ગ્રીન એફ-૧૦૩માં રહેતાં પરિવારની નવ મહિનાની દિકરી સવારે બેભાન થઇ જતાં મોત થયું હતું. જાણવા મળ્યા મુજબ યશવંતભાઇ અશોકભાઇ લાખાણીની દિકરી કે જે નવ મહિનાની હતી તે ધનાલી સવારે સાડા પાંચેક વાગ્યે બેભાન થઇ જતાં કે. ટી. ચિલ્ડ્રન બાળકોની હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ તબિબે મૃત જાહેર કરતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવ અંગે તાલુકા પોલીસને જાણ કરવામાં આવી હતી. મૃત્યુ પામનાર ધનાલી એક બહેનથી નાની હતી. પિતા યશવંતભાઇ પ્રાઇવેટ નોકરી કરે છે. તેમના કહેવા મુજબ ધનાલીને જન્મથી જ શ્વાસ લેવામાં તકલીફ પડતી હોઇ અગાઉ એકાદ મહિનો દાખલ કરવી પડી હતી. આજે સવારે તે હલતી ચલતી ન હોઇ બેભાન થઇ ગયાનું લાગતાં હોસ્પિટલે ખસેડી હતી. પરંતુ ડોક્ટરે આ નવજાતનુ મૃત જાહેર કરતાં પરિવારજનોમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

# જૂનાગઢના કેરાળા, જેતપુરના થાણાગાલોલ ગામે નેત્ર નિદાન કેમ્પ

## ૧૮મીએ કેરાળા અને ૨૦ મીએ થાણાગાલોલ ગામે યોજાનાર કેમ્પનો લાભ લેવા અનુરોધ

રાજકોટ મિરર, ગોંડલ તા.૧૬

શ્રીમતી શારદા જહાટકિયા હોસ્પિટલ તેમજ શ્રીમતી વસંતબેન જયંતિલાલ હાટકિયા (સિંગાપોર) હોસ્પિટલ ગોંડલ દ્વારા આગામી તા. ૧૮-૧૨-૨૦૨૪ને બુધવારનાં રોજ પંચાયત ઓફિસ, કેરાળા જી. જુનાગઢ તેમજ તા. ૨૦-૧૨-૨૦૨૪ને શુક્રવારનાં રોજ પીપળવળા હનુમાનજી મંદિર, ઘાણાગાલોલ તા. : જેતપુર જી. : રાજકોટ મુકામે મુકામે સવારે ૯-૩૦ થી ૧૧-૩૦ સુધી વિનામૂલ્યે નેત્ર નિદાન-દવા-સારવાર તેમજ વિનામૂલ્યે ઓપરેશન કેમ્પનું આયોજન કરેલ છે જેમાં નીચે જણાવેલા નામાંકિત સ્પેશ્યાલીસ્ટ ડોકટરો તેમની વિનામૂલ્યે સેવાઓ આપશે.



ડો. ભાવેશ સોલંકી - એમ.એસ. ઓપ્થેલ. આંખના નિષ્ણાંત સર્જન (ટાંકા વગરના ઓપરેશનના નિષ્ણાંત) તેમજ ફેકો સર્જનનાં માર્ગદર્શન હેઠળ તેમજ હોસ્પિટલ તથા ટીમ દ્વારા આ કેમ્પમાં વિનામૂલ્યે દર્દીઓને દવા તથા માર્ગદર્શન આપવામાં આવશે. આ કેમ્પમાં મોતિયાના ઓપરેશન તદ્દન વિનામૂલ્યે કરી નેત્રમણી બેસાડી આપવામાં આવશે. કેમ્પમાં પેશન્ટ તથા સાથે આવેલ સગાવ્હાલાને ભોજન, નાસ્તો, ચા-પાણીની વગેરે વ્યવસ્થા પણ સંસ્થા દ્વારા કરવામાં આવેલ છે. આ સાથે પેશન્ટને દવા, ચશ્મા તેમજ ટીપા પણ વિનામૂલ્યે આપવામાં આવશે. ઓપરેશન પછી પેશન્ટે પરત કેમ્પના સ્થળે પણ પહોંચાડવામાં આવશે. આ કેમ્પમાં ચશ્માના નંબરની તપાસ કરી આપવામાં આવશે નહીં. કેરાળા જી. જુનાગઢ તેમજ થાણાગાલોલ તા. જેતપુર તથા આસપાસના ગ્રામ્ય પ્રજાજનો આ કેમ્પનો બહોળા પ્રમાણમાં લાભ લે તેવી બંને ગામના સરપંચોએ અનુરોધ કર્યો છે.

# વાડીમાં કૂતરૂ ઘુસ્યું એમાં કૌટુંબીક ભાઈઓ બાખડ્યા: છરીથી હુમલો

## રીબ ગામના ખેડૂતને સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યા

રાજકોટ: ભાઇઓ કુટુંબીઓ વચ્ચે અલગ અલગ કારણોસર માથાકુટના બનાવો ઘણીવાર બનતા હોય છે. દરમિયાન ગોંડલના રીબ ગામે પાળેલુ કુતરૂ વાડીમાં ઘુસી જવા મામલ કૌટુંબીક ભાઇઓ વચ્ચે ડખ્ખો થઇ ગયો હતો. આ કારણે એક ભાઇ પર બીજા ભાઇ અને બે ભત્રીજાઓ છરીથી તૂટી પડતાં તે લોહીલુહાણ થઇ ગયા હતાં. જાણવા મળ્યા મુજબ ગોંડલના રીબ ગામે રહેતાં અને ખેતી કરતાં સુડતાલીસ વર્ષના વિજયસિંહ મહિપતસિંહ જાડેજા પર તેમના કાકાના દિકરા ભાઇ નીરૂભા જાડેજા અને બે ભત્રીજા હાર્દિકસિંહ



તથા રવિરાજસિંહે હુમલો કરી છરીથી હાથે, પગે ઇજા પહોંચાડતાં અને ઢીકાપાટુ મારતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા હતાં.

હોસ્પિટલના બિછાનેથી વિજયસિંહે જણાવ્યું હતું કે મારી અને મારા કાકાના દિકરા ભાઇની વાડી બાજુ બાજુમાં છે. મારો પાળેલો કુતરો પિત્રાઇ ભાઇની વાડીમાં જતાં તેણે તારો કુતરો અહિ આવવો ન જોઇએ તેમ કહી ઝઘડો કર્યો હતો અને બાદમાં તેણે અને બે ભત્રીજાએ મળી મારા પર છરીથી હુમલો કર્યો હતો. સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી. સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ જુણાચ, ભાવેશભાઇ મકવાણા, ધર્મેન્દ્રભાઇ હુદડે જાણ કરતાં ગોંડલ તાલુકા પોલીસે રાજકોટ આવી વિજયસિંહનું નિવેદન નોંધવા તજવીજ કરી હતી.

### ઉચાપતના ગુન્હામાં માલવિયાનગર પોલીસે રજુ કરેલી

# સી-સમરી નામંજૂર કરી ક્રાઈમ બ્રાન્ચને ફેર તપાસનો હુકમ કરતી ફોજદારી અદાલત

## એડવોકેટ અર્જુન પટેલ દ્વારા કરવામાં આવેલ સી-સમરીની વિરૂધ્ધની દલીલો ગ્રાહ્ય રાખતી કોર્ટ

રાજકોટ મિરર, તા.૧૬

ફરીયાદી વ્રજેશભાઈ ગઢીયાએ આરોપી બાલકૃષ્ણ પ્રવિણભાઈ ગઢીયા વિરૂધ્ધ આપેલ ઉચાપતની ફરીયાદ અન્વયે માલવીયા નગરના પી.આઈ. જે.આર.દેસાઈ દ્વારા ભરેલ સી-સમરી નામંજુર કરી ક્રાઈમ બ્રાંચને તપાસ કરવાનો ફોજદારી અદાલતે હુકમ કર્યો છે.

કેસની વિગતો મુજબ ફરીયાદી વ્રજેશભાઈ પરસોતમભાઈ ગઢીયાની માલીકીની રૂષિ એન્ટરપ્રાઈઝ પેઢીનું એકાઉન્ટ સંભાળતા કર્મચારી બાલકૃષ્ણ પ્રવિણભાઈ ગઢીયા (રહે. સેટેલાઈટ પાર્ક, મવડી ગામ પાસે, રાજકોટ વાળા) એ અંદાજે રૂપિયા બે કરોડ ખોટી રીતે ઉધારી ઓળવી જતાં અને છેતરપીંડી અને વિશ્વાસઘાત થયાનું જણાતા માલવીયા નગર પાલીસ સ્ટેશનમાંઆઈ.પી.સી. કલમ-૪૦૬, ૪૨૦ મુજબની ફોજદારી ફરીયાદ વ્રજેશભાઈ પરસોતમભાઈ ગઢીયાએ બાલકૃષ્ણ પ્રવિણભાઈ ગઢીયા સામે નોંધાવી હતી.

જે ફરીયાદની તપાસ માલવીયા નગરના પોલીસ અધિકારો દ્વારા કરવામાં આવેલી અને તપાસના અંતે માલવીયા નગર પોલીસ ઈન્સપેકટર જે. આર. દેસાઈએ અદાલત સમક્ષ એવો રીપોર્ટ કરેલ કે, આરોપી બાલકૃષ્ણ ગઢીયાના બેંક એકાઉન્ટની સરકારી નિમણુંક પામેલ સી.એ. દ્વારા ખરાઈ કરતાં તેની રવિ એન્ટરપ્રાઈઝ નામની પેઢીમાંથી સને ૨૦૧૭ થી ૨૦૨૨ દરમ્યાન કટકે કટકે રૂપિયા ચાલીશ લાખથી પિસ્તાલીસ લાખ જમા થયેલા અને આરોપી બાલકૃષ્ણ ઉર્ફે બાલાને તેના અંગત કામ સબબ રૂપિયાની જરૂરીયાત હોય જેથી તેના પિતાએ જરૂરીયાત મુજબ રૂપિયા આપેલા અને રૂપિયાની સગવડ થઈ જતાં તેના પિતાના કહેવા મુજબ તેના પિતાના બંક ખાતામાં તથા તેના ભાઈ કલ્પેશ અને પત્ની હિનાબેનના બેંક ખાતામાંથી આ રૂપિયા પરત આપી દીધા હતા. પરિણામે આ ઉચાપતનો કેસ નથી તેમ જણાવી સી-સમરીનો રીપોટ અદાલત સમક્ષ રજુ કર્યો હતો.



એડવોકેટ અર્જુન પટેલ

ફરીયાદી વ્રજેશભાઈ પરસોતમભાઈ ગઢીયાએ તેમના એડવોકેટ અર્જુન પટેલ દ્વારા સી-સમરી મંજુર થવા સામે લેખિત વાંધા રજુ કરી મૌખિક દલીલો કરી કોર્ટ સમક્ષ આ ઉચાપતનો કેસ હોવાનું જણાવી કરવામાં આવેલી તપાસ બોનાફાઈડ ન હોવાનું રેકર્ડ ઉપરના નિવેદનો ઉપરથી કોર્ટનું ધ્યાન દોર્યું હતું. તેમજ એક એકાઉન્ટન્ટ ફરીયાદીના ખાતામાંથી જે રીતે ખોટા હેડીંગ દર્શાવી પોતાના ખાતામાં રકમો ટ્રાન્સફર કરે છે તે હકીકત પ્રાઈમાફેસી ઉચાપત દર્શાવે છે. તેમજ આ ફરીયાદીની પેઢી રૂષિ એન્ટરપ્રાઈઝના બેંક એકાઉન્ટમાંથી ૧૩૫ જેટલી શંકાસ્પદ એન્ટ્રીઓ જોવા મળી હતી અને નાણાં આરોપીની પેઢીમાં તેના ભાઈ પંકજ ગઢીયાની પેઢીમાં તેના કર્મચારીઓ સાગર ચાંગાણી, મયુર ગજેરા, હિતેષ રાબડીયાના અને બી. પટેલ એન્ડ કંપનીના ખાતામાં ટ્રાન્સફર થયેલાનું બહાર આવ્યું હતું. આ નાણાં શા માટે ટ્રાન્સફર થયેલા છે ? તે નાણાં કઈ હકીકત સંબંધેના છે તેનું કોઈ ઈન્વેસ્ટીગેશન પોલીસે કર્યું ન હતું. જ્યારે આ ગુન્હાની તપાસ તપાસનીશ અધિકારી કરી રહયા હતા ત્યારે તે તપાસ માલાફાઈડ કરવામાં આવી રહી છે તેવી રજૂઆત પોલીસ કમિશ્નરને ફરીયાદીએ કરેલી અને પોલીસ કમિશ્નરએ તા. ૨૧/૦૬/૨૦૨૪ ના રોજ તપાસ પી.આઈ. ડી. સી.બી.ને સોંપવાનો હુકમ કર્યો હતો. છતાં માલવીયાનગરના પી.આઈ. એ સી-સમરીનો રીપોર્ટ કોર્ટ સમક્ષ રજુ કર્યો હતો.

કોર્ટે આ તમામ બાબતો, હકીકતો, પુરાવા અને એડવોકેટ અર્જુન પટેલની દલીલો ધ્યાને લઈ ઠરાવેલ છે કે, ફરીયાદના આક્ષેપો ગંભીર પ્રકારના છે અને તટસ્થ તપાસ થવી જરૂરી છે. તેમ કરવાના બદલે સી-સમરીનો રીપોટ કરવામાં આવેલ છે તે દર્શાવે છે કે આ પ્રોસીઝરલ ઈરેગ્યુલરારીટી છે અને વધુ તપાસ કરવાની જરૂરીયાત છે. અદાલતે ટકોર કરતાં જણાવેલ છે કે કરવામાં આવેલી નાણાંકીય વિસંગતતાઓ અને આરોપીના બેંક એકાઉન્ટમાં જે રીતે નાણાં જમા થયેલ છે તેની પેટર્ન જોતાં તેનું ડીટેઈલમાં સ્કટીની થવું જરૂરો છે. જેથી અદાલતે સી-સમરી નામંજુર કરી પોલીસ કમિશ્નરની સુચના મુજબ આ ગુનાનું ઈન્વેસ્ટીગેશન કરવા રાજકોટની ક્રાઈમ બ્રાંચને માટે આદેશ કર્યો છે.

આ કામમાં ફરીયાદી વ્રજેશભાઈ પરસોતમભાઈ ગઢીયા વતી એડવોકેટ તરીકે રાજકોટના ધારાશાસ્ત્રી અર્જુન એસ. પટેલ, મહેન એમ. ગોંડલીયા, રવિન એન. સોલંકી, ભાર્ગવ એ.પાનસુરીયા તથા જતીન ડી. પાંભર રોકાયેલ હતા.

# ગરમ કપડાનું વિતરણ કરતુ યુવા સેના ટ્રસ્ટ

## ૧૦૦થી વધુ જરૂરિયાતમંદ પરિવારોએ ધાબળા, સ્વેટર, બ્લેન્કેટ, ટોપી, ગોદડા વિગેરે વસ્તુઓનો વિતરણનો લાભ લીધો



રાજકોટ મિરર, તા.૧૬

શહેરમાં અનેક પ્રકારની સામાજિક તથા ધાર્મિક સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં સદાય મોખરે સેવા સંસ્થા યુવા સેના ટ્રસ્ટ દ્વારા 'વસ્ત્રદાન મહાદાન'' સૂત્રને ખરા અર્થમાં ચરિતાર્થ કરવા દર વર્ષની જેમ આ વર્ષે પણ ઠંડીની શરૂઆતમાં જ ધાબડા, સ્વેટર, બ્લેન્કેટ, ગરમ ટોપી, ગોદડા વિગેરેનું દાતાઓના સહયોગથી વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રકારની સેવા કરવા ઈચ્છતા લોકોએ પોતપોતાનું દાન ભોલેનાથ સોસાયટી શેરી નં. ૪, અંકુર વિદ્યાલય રોડ, ગુરૂપ્રસાદ ચોક પાસે, ખાતે મોકલી શકે છે અથવા પ્રમુખશ્રી પ્રદયુમનસિંહ ઝાલા મો. નં. ૮૪૬૦૮ ૯૮૧૦૮ પર સંપર્ક કરવાથી યુવા સેના ટ્રસ્ટના કાર્યકર્તા આવીને ગરમ કપડા લઈ જવાની સેવા કરશે તેવી સેવાભાવી સંસ્થાના કાર્યવાહકોએ અનુરોધ કર્યો છે.

# ST બસપોર્ટમાંથી વિદ્યાર્થીનો મોબાઈલ ચોરાયો

## આંગળીના ઈલમીએ ભીડનો લાભ જોઈને ગજવું હળવું કર્યું

રાજકોટ મિરર, તા.૧૬

શહેરમાં ઘરફોડિયા તસ્કરો અને વાહન ઉઠાવગીર ટોળકીનું રીતસરનું સામ્રાજ્ય સ્થપાઈ ગયાનો ભય શહેરીજનોમાં સેવાય રહ્યો છે, ત્યારે બીજી બાજુ હવે શહેરના એસટી બસ પોર્ટમાં પણ આંગળીના ઈલમીઓનું સામ્રાજ્ય સ્થાપવા લાગ્યું હોય તેમ બે દિવસ પહેલા રાજકોટથી મોરબી જવા ઈચ્છતા એક વિદ્યાર્થી બસમાં ચડ્યો ત્યારે ખિસ્સાકાતરુએ તેમનો મોબાઈલ સેરવી લીધાની એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ આજીડેમ ચોકડી પાસે આવેલ બી.કે. મોદી ગવર્મેન્ટ ફાર્મસી હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા ચંદ્રેશ અનિલભાઈ કણજારીયા (મૂળ રહે. પાવન પાર્ક સોસાયટી, શેરી નંબર ૪ મોરબી) એ એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે તારીખ ૧૩ ના રોજ શનિ રવિની રજા હોવાથી પોતે રાજકોટથી પોતાના મોરબી સ્થિત ઘરે જતો હતો ત્યારે સાંજના ૬:૩૦ વાગ્યાની આસપાસ મોરબીની લોકલ બસમાં ચડ્યો ત્યારે ખુબ ભીડ હતી. ત્યારે ખિસ્સાકતારુએ તેમના ગજવામાંથી રૂપિયા ૯,૭૭૫ ની કિંમતનો મોબાઇલ સેરવી-ચોરી નાસી ગયો હતો. બનાવની ફરિયાદ પરથી એ ડિવિઝન પોલીસ સ્ટેશને મોબાઈલની ચોરની શોધખોળ આદરી છે.

# વડોદરામાં આજથી DGP કપ યોગાસન ચેમ્પીયનશીપનો પ્રારંભ

## રાજ્યના ડીજી સહિતના પોલીસ અધિકારીઓની રહેશે પ્રેરક હાજરી

રાજકોટ મિરર, તા.૧૬

વડોદરામાં સમા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આજથી બે દિવસીય પ્રથમ DGP કપ યોગાસન ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું હોવાનું વડોદરાના પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર દ્વારા જણાવાયું છે.

આ યોગાસન ચેમ્પિયનશીપનો સવારે ૧૦ વાગ્યે પ્રારંભ થશે. આ તકે યોગા ફેડરેશન ઓફ ઇન્ડિયાના આર.જે.જાડેજા મુખ્ય મહેમાન તરીકે ખાસ હાજર રહેશે. બીજા દિવસે એટલે કે તા. ૧૮ ના રોજ સાંજના ૫ વાગ્યે સમાપન સમારોહ સમયે મુખ્ય અતિથી તરીકે રાજ્યના ડીજી વિકાસ સહાય(ગાંધીનગર) હાજર રહેશે. જ્યારે ઉપસ્થિત રહેનાર અન્ય મહેમાનોમાં રાજ્યના મુખ્ય દંડક બાલુભાઈ શુક્લા, વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોશી, મેયર પીનાકીબેન સોની, માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલ, આકોટાના ધારાસભ્ય ચૈતન્ય દેસાઈ, શહેરના ધારાસભ્ય મનીષાબેન વકીલ, સયાજી ગંજના મનીષાબેન વકીલ, સયાજીગંજના ધારાસભ્ય કેયુર રોકડિયા, ડાભોલના ધારાસભ્ય શૈલેશ સોટ્ટા, વાઘોડીયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલા ખાસ હાજર રહેશે.

## અવસાન નોંધ



**રાજકોટ :** રાજકોટ નિવાસી મનસુખભાઈ જેસંગભાઈ પરમાર (ઉ.વ.૭૯) તે પરેશભાઈ પરમાર, હિનાબેન ચૌહાણ, ધારા મકવાણા, સ્વ આશાબેનના પિતા, આશિષ પી.પરમાર, રિધ્ધિ પરમારના દાદાનું તા.૧૬ના રોજ અવસાન થયું છે. બેસણું તા.૧૯ ને ગુરુવારે, સાંજે ૪ થી ૬, ધર્મેશ્વર મહાદેવ મંદીર, ધરમ નગર મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** રાજકોટ નિવાસી રાજુ મુરલીભાઈ મનવાણી (ગુરુકૃપા અનાજ ભંડાર) તે સ્વ.મુરલીભાઈ ચીમનલાલ મનવાણીના પુત્ર, મનીષ, સ્વ.દિનેશના મોટાભાઈ, જય, પાર્થના પિતાનું તા.૧૫ ના રોજ અવસાન થયું છે. તેમનું પઘડિયું તા.૧૮ ને બુધવારે. સાંજે ૫ વાગ્યે, બાલમુકુંદ હોલ, એરપોર્ટ રોડ ફાટક પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

### કાવત્રાખોરોએ માંડાડુંગરની બીનખેતી થઇ ચુકેલી જમીનનો પણ ખોટો દસ્તાવેજ બનાવી ફરી ખેતીની જમીન કરી નાંખી'તી!

# બોગસ દસ્તાવેજકાંડઃ એક કૌભાંડી જેલમાં, સુત્રધારની સતત શોધ

## સત્તર બોગસ દસ્તાવેજો બન્યા તે મિલ્કતોના માલિકોને શોધવા કવાયતઃ ડીસીપી બાંગરવાની ટીમ કરી રહી છે તપાસ

**રાજકોટ મિરર, તા. ૧૬**

શહેરનની ઝોન-૧ સબ રજીસ્ટ્રાર કચેરી ઝોન-૧ના કોન્ટ્રાક્ટ બેઝના કર્મચારી તથા એક સોની શખ્સ અને એક એડવોકેટે મળી વર્ષ ૧૯૫૬થી ૧૯૭૨ સુધીના ગાળાના જુના પુરાણા દસ્તાવેજો કે જે સબ રજીસ્ટ્રાર કચેરીમાં હોય છે તેમાંથી સત્તર મિલ્કતોના દસ્તોજોનો નાશ કરી કોમ્પ્યુટરમાં રહેલી તેની સ્કેનર કોપીમાં ચેડા કરી કરોડોની મિલ્કતોના બોગસ દસ્તાવેજ બનાવી જબરૂ કૌભાંડ આચર્યાનું ખુલ્યુ હોઇ સિટની રચના કરી ડીસીપીના નેજા હેઠળ તપાસ ચાલી રહી છે. આ કૌભાંડમાં સામેલ આ કચેરીનો કોન્ટ્રાક્ટ બેઝનો કર્મચારી જે રિમાન્ડ પર હતો તેના રિમાન્ડ પુરા થતાં તે જેલહવાલે થયો છે. બીજી તરફ ચોંકાવનારી વિગત ખુલી છે કે માંડા ડુંગર પાસેથી એક જમીન કે જે બીનખેતી થઇ ચુકી હતી તેનો પણ આ ત્રિપુટીએ ફરી બોગસ દસ્તાવેજ ઉભો કરી ખેતીની જમીનમાં ફેરવી નાંખી હતી! જમીમ માલિકને આની જાણ થતાં તેઓ પોલીસ સ્ટેશને પહોંચ્યા હતાં અને વિગતો જણાવી હતી.

સબ રજીસ્ટ્રાર કચેરી ઝોન-૧ના કર્મચારી તેમજ એક વકિલ અને એક સોની શખ્સે મળી પાંચ દસકા જુની મિલ્કતોના બોગસ દસ્તાવેજ બનાવી કરોડોની જમીનો હડપ કરવાનું કાવત્રુ ઘડ્યાનો પર્દાફાશ થયા બાદ આ મામલે નોંધાયેલા ગુનામાં કચેરીના કોન્ટ્રાક્ટ બેઝ કર્મચારી ચાલીસ વર્ષના જયદિપ શાંતિલાલ ઝાલા (રહે. સહકાર રોડ ખોડિયાર સોસાયટી)ની ધરપકડ થઇ હતી. તેના ચાર દિવસના રિમાન્ડ આજે પુરા થતાં તેને કોર્ટહવાલે કરવામાં આવતાં જેલમાં ધકેલી દેવાયો છે.

બીજી તરફ તપાસમાં એવી વિગતો પણ ખુલી છે આ કૌભાંડી ત્રિપુટીએ માંડા ડુંગર પાસેની કિંમતી જમીન કે જે બીનખેતી થઇ ચુકી હતી તેનો પણ ફરી વખત બોગસ દસ્તાવેજ બનાવી નાંખ્યો હતો! આ કારસ્તાનમાં કેટલાક મોટા માથાના નામ ખુલવાની શક્યતા પણ પોલીસને જણાઇ રહી છે. કૌભાંડમાં સામેલ ત્રિપુટીએ ૧૭ બોગસ દસ્તાવેજો બનાવ્યાનું ખુલ્યું હતું. ત્રિપુટીએ કારસ્તાન છતું ન થાય તે માટે રાજકોટ શહેર આસપાસની કિંમતી જમીનના બોગસ દસ્તાવેજો બાવન વર્ષ જૂની મિલકતોને નિશાના પર લીધી હતી. પોલીસ રજીસ્ટ્રાર કચેરીના કર્મચારીઓના નિવેદનો પણ નોંધી રહી છે અને વકિલ તથા સોની શખ્સને શોધી રહી છે. આ કૌભાંડમાં પધ્યુમનનગર પોલીસે કોઠારીયા રોડ ન્યુ સ્વાતિપાર્ક બી-૧૪૩માં રહેતાં અને સબ રજીસ્ટ્રાર કચેરી ઝોન-૧ (શહેર) ખાતે સબ રજીસ્ટ્રાર તરીકે ફરજ બજાવતાં અતુલભાઇ મધુભાઇ દેસાઇની ફરિયાદ પરથી હર્ષ સાહેલીયા ઉર્ફ હર્ષ સોની, જયદિપ ઝાલા અને એડવોકેટ કિશન ડી. ચાવડા વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

આ ગુનામાં પકડાયેલો એક કર્મચારી જયદિપ ઝાલા જેલહવાલે થયો છે. હજુ સુત્રધાર મનાતો હર્ષ સોની અને વકિલ હાથમાં આવ્યા નથી. સબ રજિસ્ટ્રાર કચેરી ઝોન-૧માં અગાઉ કામ કરતો હર્ષ સોની અને જયદીપ ઝાલા માત્ર ૧૧ હજાર રૂપિયામાં નોકરી કરતા હતા અને તેઓની પાસે વિશાળ સત્તા હતી. એટલે કે તેઓ ૪૦-૫૦ વર્ષ જૂના દસ્તાવેજો પણ જોઇ શકતા હતા, ગમે ત્યાંથી લઇ આવતા હતા, ગમે તે દસ્તાવેજનું સ્કેનિંગ કરી નાખતા હતાં તેમજ ગમે તે વ્યક્તિના નામની એન્ટ્રી કરાવી નાખતા હતાં. કરોડો રૂપિયાનો દસ્તાવેજ સ્કેન કરી તેમાં ગમે તેના નામ ચડાવી દઇ તેનો ખરા તરીકે ઉપયોગ કરતા હતા.







તપાસમાં મોટા નામો ખુલે તેવી પણ શક્યતા જણાઇ રહી છે. સરોજબેન રૂદ્રદત્તભાઇ રાવલનો રૈયા સર્વે નં.૨૭૭/૧માં ૪૨ નંબરનો ૩૪૪.૪૫ ચોરસ મીટરનો ૧૯૭૦ની સાલથી પ્લોટ આવેલો હતો. આ પ્લોટના દસ્તાવેજમાં ચેડાં કરવામાં આવ્યા પરંતુ ચેડાં કરનારે એક ભૂલ કરી હતી. દસ્તાવેજના તમામ કાગળો સ્કેન કરીને યથાવત રાખવામાં આવ્યા પરંતુ મુખ્ય પેજ કે જે રૂ.૧૦૦ના સ્ટેમ્પ પેપર પર લખવાનું હોય તેમાં સરોજબેનને વેચનાર તરીકે જ્યારે મનહરલાલ નૌતમલાલ કોટેચાને ખરીદનાર તરીકે બતાવ્યા. પણ છેલ્લા પાનામાં જે સહીઓ કરવાની હોય તે કરવાનું ભૂલી ગયેલ અને આ ભૂલના કારણે આખું કારસ્તાન બહાર આવ્યું ત્યારબાદ તપાસ થઇ તે પછી આ એક નહિ પણ કુલ ૧૭ દસ્તાવેજ બોગસ બની ગયાનું ખુલ્યું હતું.

આ કૌભાંડની તપાસ ચાલુ છે ત્યારે માંડા ડુંગરની ૧૯૭૦ પહેલાની ખેતીની જમીન એક વર્ષ પહેલા જમીન માલિક પ્રતિપાલસિંહ ચુડાસમાએ બીનખેતી કરાવી હતી. આ મિલ્કતમાં પણ કોભાંડીઓએ બોગસ દસ્તાવેજો કરી નાખ્યાનું ખુલતાં જમીન માલિક પ્રતિપાલસિંહ ચુડાસમાએ પ્ર.નગર પોલીસને જાણ કરતાં પોલીસ ઇન્સ્પેક્ટર બી. એમ. ઝણકાત, પોલીસ ઇન્સ્પેક્ટર પી.આર. ડોબરીયાએ તેમની પાસેથી વિશેષ વિગતો મેળવી તપાસ આગળ ધપાવી છે. આ કૌભાંડમાં ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવાની અધ્યક્ષતામાં સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમની રચના થઇ છે. એસીપી રાધીકા ભારાઇની રાહબરીમાં પીઆઇ પિયુષ આર. ડોબરીયા સહિતની ટીમો તપાસ કરે છે. બે આરોપીઓ હર્ષ સોની અને વકિલ હજુ હાથમાં આવ્યા નથી. તે ઝડપાયે વધુ ચોંકાવનારી વિગતો સામે આવશે. દરમિયાન સત્તર દસ્તાવેજોમાં ચેડા કરી જેને નવા માલિક બનાવાયા છે તે સત્તરમાંથી અમુક તો હયાત પણ ન હોવાની શક્યતા છે.

વધુ વિગતો જોઇએ તો પોલીસના ચોપડે જે આરોપી છે તે જમીન ખરીદનાર મુંબઇના મનહરલાલ નૌતમલાલ કોટેચા, સિપાઇ બહાદુર ચાંદભાઇ, દેવેન્દ્ર કાંતિલાલ સંઘવી, સુરેશ દેવજી પરમાર, કરશન હરિયા અસ્વાર, જયસુખ નાનજી જોગી, ઉસ્માન ઇબ્રાહીમ કચરા, રસૂલ નશીર, રમેશ પરષોત્તમ મોદી, પરસાણા રણછોડ રાઘવજી અને ભાસ્કર જ્ઞાનદેવ જાદવની પોલીસે શોધખોળ શરૂ કરી છે અને એકપણ વ્યક્તિની હજુ સુધી ભાળ મળી નથી, પરંતુ કૃષ્ણદત્તભાઇ રાવલે તેમની જમીનના મામલે મુંબઇમાં મનહરલાલ કોટેચાની તપાસ કરતાં આવી કોઇ વ્યક્તિ જ નહી હોવાનું તેમની તપાસમાં ખુલ્યું હતુ અને અલગ અલગ દસ્તાવેજમાં જે જમીન ખરીદનાર દર્શાવાયા છે તેમાંથી અનેક લોકો હયાત નહીં હોવાનું અને ડમી નામનો ઉપયોગ કરી કૌભાંડ આચરવામાં આવ્યાની શંકા સેવાઇ રહી છે. મામલાની તપાસ ચલાવી રહેલા પીઆઇ પીયૂષ ડોબરિયાએ જણાવ્યું હતું કે, રિમાન્ડ પર રહેલા કમ્પ્યૂટર ઓપરેટર જયદીપ ઝાલાની પૂછપરછમાં તેણે કૌભાંડ માટે ફરાર આરોપી હર્ષ સાહોલિયા અને એડવોકેટ કિશન ચાવડા સૂત્રધાર હોવાનું કહી પોતાનો બચાવ કરતો રહ્યો હતો, સોમવારે કિશનના રિમાન્ડ પૂરા થતાં તેને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવતાં જેલહવાલે થયો છે. અલગ અલગ ૧૭ દસ્તાવેજમાં જેને જમીન ખરીદનાર તરીકે દર્શાવવામાં આવ્યા છે તે લોકો હાલના તબક્કે આરોપી છે અને તેમની માહિતી સબ રજિસ્ટ્રાર કચેરીમાંથી મેળવી તેમની શોધખોળ શરૂ કરાશે. આ નામમાંથી અનેક નામ ડમી હોવાની પોલીસ ઇન્સ્પેક્ટર પી.આર. ડોબરિયાએ શંકા વ્યક્ત કરી હતી.

---

### ૧ કરોડ ૯૭ લાખના ચેક રીટર્નના પ્રોસીડીંગમાં

# આરોપીએ ફરિયાદી સામે ફોર્જરીનો ગુન્હો નોંધવા કરેલી માંગણી રદ્દ કરતી કોર્ટ

રાજકોટ મિરર, તા.૧૬

છેલ્લા ઘણા સમયથી બહારના રાજયના ઉધોગપતિઓ/ ડીલરો/ વેપારીઓ ધ્વારા ગુજરાત અને તેમાય સૌરાષ્ટ્રને ટાર્ગેટ બનાવી ધંધાકીય તથા વેપારી સંબધો બાંધી બાદમાં લાખો-કરોડોની છેતરપીડીઓ કરવામાં આવતી હોવાના અનેક કિસ્સાઓ બની રહે છે ત્યારે સૌરાષ્ટ્રના નામાંકીત અને પ્રથમ હરોળના ઉધોગપતિ રાજકોટના રવિ મેટલ ટીટ્રમેન્ટના પ્રોપરાઈટર સાથે પુનાની અનવ એન્જીનીયસના પ્રોપરાઈટરે ધંધાકીય સંબધો કેળવી ધંધાના ઉપયોગ માટે ફરીયાદી પાસેથી ૨(બે) કરોડ ની રકમ મેળવી ૩ લાખ પરત કરી બાકી ૧ કરોડ ૯૭ લાખ પરત કરવા આપેલ ૧૪ ચેકો રીટન થતા તે સંબધે નીચેની અદાલતમાં ૧૪ કેસો દાખલ થયેલ તે ચાલી રહેલ કેસોના કામે પુરાવો નોંધ્યા બાદ ફરીયાદી વિરૂધ્ધ જુદી જુદી ૧૩ ક્લમો હેઠળ ફોજરીનો ગુનો દાખલ કરવા આપેલ અરજી રાજકોટના એડી. ચીફ જ્યુડી મેજીસ્ટ્રેટે નામંજુર કરી છે.

કેસની વિગતો મુજબ પુનાની અર્નવ એન્જીનીયર્સના પ્રોપરાઈટર વૈશાલી વિનોદભાઈ શીદે એ રાજકોટની પેઢી રવી મેટલ ટ્રીટમેન્ટના માલીક રમેશભાઈ પાસેથી ધંધા માટે રૂપીયા ૨(બે) કરોડ લઈ તેમાથી રૂપીયા ૩ લાખ પરતથી કરી રૂપીયા ૧ કરોડ ૯૭ લાખ અદા કરવા કુલ ૧૪ ચેકો આપવામાં આવેલ તે રીટર્ન થતા તે સબંધે રાજકોટની અદાલતમાં આરોપી વીરૂધ્ધ ૧૪ કેસ દાખલ કરવામાં આવેલ જેમા ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ અને કામ દલીલ ઉપર હોય દરમીયાન સી.આર.પી.સી. ક્લમ - 



એડવોકેટ સુરેશ ફળદુ

જણાવવામા આવેલ કે આરોપીનો ઈરાદો માત્ર કામ ડીલે કરવા સબબ હોય અગાઉ પણ બે વાર જુદી જુદો અરજી આપેલ જે નામંજુર થતા બંને વાર કુલ ૧૪-૧૪ રૌવીજનો સેસન્સ કોર્ટમાં દાખલ કરવામા આવેલ તે પણ નામંજુર થયેલ, આ વાતમાં કોઈ જ ફોજ ડોક્યુમેન્ટ બનેલ નથી કે ફોજરી આચરવામા આવેલ નથી વિગેરે લંબાણપુર્વકની રજુઆતો કરી આરોપીની અરજી નામંજુર કરવા જણાવવામા આવેલ.

બંને પક્ષોની રજુઆતો, રેકડ પરનો દસ્તાવેજી પુરાવો લક્ષે લેવામા આવે તો ફરીયાદી ધ્વારા એન.આઈ.એક્ટ - ૧૩૮ અન્વયે કુલ - ૧૪ ફરીયાદો આરોપી વિરૂધ્ધ દાખલ કરવામા આવેલ હોય જેમા ફોજદારી કેસ નં.૨૨૭૭/૨૦૧૭ તથા ૫૮૦/૨૦૧૭ માહેના દસ્તાવેજોનુ કંમ્પેરીજન કરતા અમુક શબ્દમા છેકછાક હોવાનુ જણાવી ફરીયાદી વિરૂધ્ધ કાર્યવાહી કરવા જણાવેલ હોય પરંતુ ફોજદારી કેસ નં.૫૮૦/૨૦૧૭ પુર્ણ થઈ ગયેલ હોય તેમા રકમ ચુક્વાઈ ગયેલ હોય અને કેસ દાખલ થયા ના પાંચ વષે બાદ આ પ્રકારની અરજી આરોપી લાવી રહયા હોય, નોટીસના રીપ્લાય થી કે ફરીયાદીની ઉલટ તપાસ દરમીયાન કે આરોપીના એફ.એસ. દરમીયાન આવી તકરાર ઉઠાવવામા આવેલ ન હોય, કોટ પ્રોસીડીગમા કોઈ ફોજરી દાખલ થયેલ ન હોય કે ફોલ્સ એવીડન્સ આપવામા આવેલ ન હોય વડી અદાલતોના તથા એપેક્ષ કોટના ચુકાદાઓની હકીક્તો ટાંકી આરોપીની અરજી નામંજૂર કરાઈ છે.

ઉપરોક્ત કામમાં મુળ ફરીયાદી રવિ મેટલ ટ્રીટમેન્ટના માલિક રમેશભાઈ રાચ્છ વતી રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ, ભૂવનેશ શાહી, કૃણાલ શાહી, રીપલ ગેવરીયા, પાર્થ સંઘાણી, જય પીઠવા, જસ્મીન દુધાતરા તથા મદદમા યુવરાજ વેકરીયા, નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, આર્યન કોરાટ, ભાવીન ખુંટ રોકાયા હતા.

---

# નવાગામ નજીકથી ૨ ચોરાઉ બાઈક સાથે પરપ્રાંતીય ઝડપાયો

### બી - ડીવીઝન પોલીસે બે બાઈક ચોરીના ઉકેલ્યા ભેદ

રાજકોટ મિરર, તા.૧૬

પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાની સુચનાથી તથા અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા તથા ઇ.નાયબ પોલીસ કમિશ્નર ઝોન- ૧ જગદીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમિશ્નર આર.એસ.બારીઆ ઉત્તર વિભાગનાઓના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેરમાં મિલ્કત સંબંધી ગુન્હા અટકાવવા તેમજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં વાહન ચોરી, મોબાઈલ ચોરી, ઘરફોડ ચોરી, ચીલઝડપ, લુંટ વિગેરે જેવા અનડોટેક્ટ ગુન્હાઓને શોધી કાઢવાનું અને વધુમા વધુ અસરકારક કામગીરી કરવા સુચના આપી હતી.



જે અન્વયે બી ડીવીઝન પોલીસ પીઆઈ એન.જી.વાઘેલા માર્ગદર્શન હેઠળ સ્ટાફના હેડ.કોન્સ. હિતેષભાઇ કોઠીવાળ,કોન્સ. હરેશભાઇ સારદીયા, સંદીપભાઇ અવાડીયા, હોમગાર્ડ હિતેષભાઇ માલકીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા. ત્યારે હિતેષભાઇ કોઠીવાળ, સંદીપભાઇ અવાડીયાને બાતમી મળી હતી કે નવાગામ મેઇન રોડ, નકલંક હોટેલ પાસે, જૂના કૂવાડવા પોલીસ સ્ટેશનની પાછળ, રાજકોટ ખાતે એક શખ્શ બે ચોરાઉ બાઈક સાથે ઉભો છે.

બાતમી મળતા જ પોલીસે ત્યાં પહોચી હીરાલાલ સુગ્રીવ ગૌતમ ઉ.વ.૩૦ ધંધો-કાઈ નહી (રહે. મામાવાડી ઠાકરબાપાના મંદીર પાસે નવાગામ આણંદપર જી રાજકોટ) વાળો મુળ - ઉઢર પુરવા ગામ, પોસ્ટ- ખજુરાર, થાના- શ્રાવસ્તી, જી.- બહરાઇચ, રાજ્ય- ઉતર પ્રદેશ)ને પકડી લીધો હતો. પોલીસે તેમની પાસેથી રૂ. ૪૦ હજારની કિમતના બે બાઈક કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. હીરાલાલને પકડી પાડવા ઇન્ચાર્જ પીઆઈ એન.જી.વાઘેલા, હેડ.કોન્સ. હિતેષભાઇ કોઠીવાળ, પો.કોન્સ. હરેશભાઇ સારદીયા, સંદીપભાઇ અવાડીયા, હોમગાર્ડ હિતેષભાઇ માલકીયા વિગેરે રોકાયા હતા.

---

# ગંજીવાડાની સગર્ભા મહિલાને ગોંડલ સ્થિત સાસરિયાનો અનહદ ત્રાસ

### રૂ.૨ લાખ દહેજ માંગીને પહેરેલા લુગડે કાઢી મૂક્યાની ફરિયાદ



રાજકોટ મિરર, તા.૧૬

રાજકોટના ગંજીવાડામા માવતરે આવેલી ગોંડલની પરણીતાને પતિ સહીતના સાસરીયાઓએ માર મારી ઘરમાથી કાઢી મુકતા સાસરીયાઓ વિરૂધ્ધ ત્રાસ અંગેની પોલીસમા ફરીયાદ નોંધવામા આવી છે. આ ઘટના અંગે ગોંડલ સિટી પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.હાલ ગંજીવાડા પાસે મેરામબાપાની વાડી નજીક રહેતા મુશ્કાનબેન શાહરૂખભાઇ ધંધુકીયા નામના મહીલાએ ફરીયાદમા પતિ શાહરૂખ ઇકબાલ ધંધુકીયા, સસરા ઇકબાલ કાસમ, સાસુ નરસીમબેન અને દીયર રીઝવાનભાઇ ઇકબાલભાઇ વિરૂધ્ધ ત્રાસ, મારકુટ અંગેની ફરીયાદ નોંધાવી છે. મુશ્કાનબેને ફરીયાદમા જણાવ્યુ હતુ કે તેમના આ બીજા લગ્ન છે. તેમને સંતાનમા ૩ વર્ષનો દિકરો છે. તેમજ પોતે ૪ મહીનાથી સગર્ભા છે. પતિ ડુંગળી વેચે છે. તેમજ મુશ્કાનબેને વધુમા જણાવ્યુ હતુ કે ૨૦૨૦ ની સાલમા તેઓએ શાહરૂખ સાથે જ્ઞાતિના રીવાજ મુજબ લગ્ન કર્યા હતા. લગ્નના ૩ મહીના બાદ સાસુ, સસરા અને દીયર પતિની ચડામણી કરી કહેતા કે તુ ધંધે જવાનુ બંધ કરી દે અને તારી ઘરવાળીને કહે કે માવતરેથી દહેજ લઇ આવે. જેથી મુશ્કાન બેન અને તેના પતિ વચ્ચે ઝઘડાઓ થતા હતા અને પતિ કયારેક કયારેક કામ ધંધો કરતો હતો. તેમજ તેમને કામધંધે જવાનુ કહેતા પોતે ગુસ્સે થઇ મુશ્કાનબેનને માર મારતો હતો.

તા. ૧૦/૧૨ ના રોજ રાત્રીના સમયે મુશ્કાનબેન ઘરે એકલા હતા ત્યારે તેનો પતિ બહારથી ઘરે આવ્યો અને તારા માવતરના ઘરેથી તુ બે લાખ રૂપિયા દહેજ પેટે લઇ આવ. તેમ કહેતા મુશ્કાબેને પોતે માવતર નહી જાય તેમ કહયુ હતુ. ત્યારબાદ તેમને ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો. દરમિયાન પાછળથી સાસુ અને દીયર તેમજ સસરા આવી ગયા હતા અને તેઓએ એકસંપ થઇ કહેવા લાગ્યા કે તારે અહી રહેવુ હોય તો તારા માવતરેથી કીધુ એટલુ દહેજ લઇ આવ નહીંતર તારે અહી નથી રહેવાનુ. ત્યારબાદ સાસુ - સસરા અને દીયરએ મુશ્કાનબેનને ઢીકા પાટુનો માર માર્યો હતો. જેથી તેઓને પાડોશમા રહેતા જુમ્માભાઇ અને હાજુબેન બંનેએ વચ્ચે પડી તેમને બચાવ્યા હતા.

ત્યારબાદ સાસરી યાઓએ આ વાત કોઇને કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને બાદમા રાજકોટ ગંજીવાડા પાસે રહેતા માવતર ગોંડલ આવી મુશ્કાનબેનને પોતાના ઘરે લઇ ગયા હતા. જયા મુશ્કાનબેનની તબીયત બગડતા તેઓને રાજકોટની સરકારી હોસ્પિટલમા સારવાર માટે ખસેડયા હતા. આ ઘટના અંગે મુશ્કાનબેને ગોંડલ સીટી પોલીસ મથકમા ફરીયાદ નોંધાવી હતી.

---

# બેડી યાર્ડમાં મગફળી-કપાસ ઢગલામોઢે ઠલવાયા

### ૮૫ હજાર ભરી કપાસ ને ૧.૦૫ લાખ ગુણી મગફળીની આવક



રાજકોટ મિરર, તા.૧૬

રાજકોટના બેડી માર્કેટીંગ યાર્ડમાં આજે મગફળીની ૧.૦૫ લાખ ગુણી અને કપાસની ૮૫,૦૦૦ ભારી સહિતની વિવિધ જણસીની મબલખ આવક થઈ હતી. યાર્ડની બહાર ૯ કિલોમીટર સુધી લાંબી વાહનોની લાઈન લાગી હતી. જેમાં કમવાર વાહનોને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

યાર્ડનાસુત્રોના જણાવ્યા મુજબ આજે રાજકોટ યાર્ડમાં ૯૦૦થી વધારે વાહનોના થપ્પા લાગતા યાર્ડ બહાર ૯ કિલોમીટરની લાંબી લાઈન લાગી હતી. યાર્ડના ચેરમેન જયેશ બોઘરા સહિતના હોદેદારો દ્વારા મગફળી અને કપાસ, સોયાબીનના ઉતરાઈની વ્યવસ્થા કરવામાં આવી હતી. એક લાખથી વધુ ગુણી મગફળી અને ૮૫,૦૦૦થી વધુ કપાસની ભારીની આવકથી યાર્ડના નવા શેડમાં જગ્યા ખુટી રહેતા યાર્ડના પટાંગણમાં અને શેડ વચ્ચેના રસ્તા પર ઉતરાઈ કરવામાં આવી હતી. રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળી, સોયાબીન, મગ, અળદની ખરીદી શરૂ કરતા યાર્ડમાં સતત આવકમાં વધારો નોંધાઈ રહ્યો છે. સરકાર દ્વારા રૂા. ૧૩૫૦ના ભાવે ટેકાથી ખરીદી કરવામાં આવી રહી છે.

**બંને નામોની વ્યક્તિ હુ એક જ છુ**



હું નીચે લખી આપનાર ભરતગીરી જી.ગોસાઇ તેમજ ભરતગીરી જી.ગોસ્વામી આ બંને નામો મારા જ છે હુ આ બંને નામો થી ઓળખાઉ છુ આ બંને નામની હું એક જ વ્યક્તિ છુ


લી ગોસ્વામી ભરતગીરી જી.ગામઃ મોટા દહિસરા તાલુકો :માળીયા મિયાણા જીલ્લોઃ રાજકોટ

cheers+ Multi Speciality Hospitals Ahmedabad / Rajkot

અમદાવાદના નામાંકિત સ્પાઈન અને દુઃખાવાનાં સ્પેશ્યાલીસ્ટ

રાજકોટમાં

૧૮-૧૨-૨૦૨૪, બુધવાર સવારે ૧૧.૦૦ વાગ્યા થી




Dr. Shirazahmed Munshi
M.B.B.S., D.Ortho., FIAPM., DNB (Fellow), FIPP- USA
Fellowship- Spine Endoscopy (Pune, USA, Japan)

લાંબો સમય ઊભા રહેવામાં કે ચાલવામાં તકલીફ છે ?

+ પગામાં કે કમરમાં દુઃખાવો થવો + પગ ભારે થઈ જવા, ખાલી ચડી જવી + ગાદી પર ચાલતા હોય તેવો ભાસ થવો... આ તકલીફ સ્પાઈનલ સ્ટેનોસીસ હોય શકે છે

દૂરબીન વડે ગરદન અને કમરના મણકાની સારવાર

સ્પાઈન સ્ટેનોસીસ/સ્લીપ ડીસ્ક-સાયટીકાની દૂરબીન વડે ઓપરેશન વગર સારવાર

::ફાયદાઓ:
- ચીરફાડ કે મણકા ખોલવાની જરૂર નથી (જેથી ફરીથી મણકાની તકલીફ ખૂબ ઓછી થાય)
- દર્દીને બેભાન કરવાની જરૂર નથી (જેથી ઓપરેશનમાં લકવો થતો નથી)
- ઓપરેશન બાદ તુરંત રજા (મોટી ઉંમરના, ડાયાબિટીસ, બીપી, હૃદયની તકલીફવાળા દર્દીઓ માટે આશીર્વાદરૂપ

મેડિક્લેઈમ માન્ય સારવાર

અન્ય સ્પેશ્યાલીટી
- પેઈન મેનેજમેન્ટ
- એન્ડોસ્કોપીક સ્પાઈન સર્જરી
- ઓર્થોપેડિક્સ
- યુરોલોજી
- જોઈન્ટ રીપ્લેસમેન્ટ એન્ડ પોલી ટ્રોમા
- ઓન્કોલોજી એન્ડ ઓન્કોસર્જરી
- ન્યુરોલોજી એન્ડ ન્યુરો સર્જરી
- મેડિસીન

એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો +91 9898745145

હિલ વેલ હોસ્પિટલ બિલ્ડિંગ, બી.એ.પી.એસ. મંદિર સામે, કાલાવાડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૨.
Info.rajkot@cheershospital.com www.cheershospitals.com

### ચાર માળનું બિલ્ડીંગ રાજાશાહી લેખો સહિતના અઢળક દસ્તાવેજોથી ભરેલુ : રાજકોટ કલેકટરે સીધુ મોનીટરીંગ કર્યું શરૂ

# અભિલેખાગાર કચેરીમાં હજારો લેખ જાળવણી માટે માત્ર ચાર લોકો જ

**રાજકોટમાં જુના દસ્તાવેજ સાથે ચેડાનો રાફડો ફાટ્યો નોંધણી વિભાગમાં જુના દસ્તાવેજ સાથે થયા ચેડાના પડઘા તમામ કચેરીમાં પડ્યા**

## ૨૦૧૨માં નિવૃત્ત અભિલેખાગાર કચેરીના કર્મચારી હજુ પણ પોલીસને હાથ લાગ્યો નથી અધિક્ષકને ગાંધીનગરનું તેડું : અભિલેખાગાર કચેરીનો નિવૃત્ત કર્મચારી પકડાય તો અનેક ના નામ આવી શકે છે સામે

રાજકોટ,.તા. ૧૬

બે થી ત્રણ દિવસ પૂર્વે રાજકોટમાં બોગસ દસ્તાવેજ કૌભાંડ સામે આવ્યું છે જેને લઇ હાલ પોલીસ વિભાગ અને રેવન્યુ વિભાગ દ્વારા સંયુક્ત તપાસ હાથ ધરવામાં આવી રહી છે પરંતુ મહત્વનું એ છે કે હાલ જે વિગતો બહાર આવી કે અભિલેખાગાર કચેરીના નિવૃત્ત કર્મચારી દ્વારા કોભાંડ કરવામાં આવ્યું હતું તેમજ હાલ તપાસ ચાલી રહી છે અત્યારે સરકાર અને રેવન્યુ તંત્ર માટે મહત્વનું એ છે કે જો આ વ્યક્તિ સામે આવશે તો અન્ય રહસ્ય પણ ખુલશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી પરંતુ સત્ય હકીકત તો એ છે કે રાજકોટની અભિલેખાગાર કચેરી અનેકવિધ રીતે ચર્ચામાં ભૂતકાળમાં પણ આવેલી છે. આ એ કચેરી છે કે જ્યાં રાજકોટ સહિત જિલ્લા અને જ્યારે રાજકોટમાં કોઈ ગામ ભળ્યા ન હતા તે સમયના રાજાશાહી વખતના લેખ આ કચેરીમાં રાખવામાં આવેલા છે જેની સંખ્યા આશરે ૬૦ થી ૭૦,૦૦૦ જેટલી છે. મહત્વનું એ છે કે આ એ અભિલેખાગાર કચેરી છે કે જ્યાં ૨૩ નું મહેકમ મંજૂર થયેલું છે અને માત્ર ચાર લોકો જ કામ કરે છે ત્યારે આટલા મોટા અને મહત્વની કચેરીમાં અપૂરતો સ્ટાફ કેવી રીતે અત્યંત ઉપયોગી અને મહત્વ ધરાવતા લેખોની સાર સંભાળ રાખી શકે તે સૌથી મોટો પ્રશ્ન છે. જેના માટે હાલ રેવન્યુ વિભાગ અને રાજ્ય સરકાર દ્વારા સંયુક્ત તપાસ હાથ ધરવામાં આવી છે અને કચેરીના અધિક્ષકને પણ ગાંધીનગર બોલાવાયા છે.

આજના વિકસતા યુગમાં અભિલેખાગારની અગત્યતા ખૂબજ સ્વીકાર્ય છે. દરેક રાષ્ટ્ર અને રાજ્ય અભિલેખાગારની અનિવાર્યતાને મહત્વ આપેલું છે. કારણ કે ભૂતકાળમાં આપણા વારસાને તે પ્રત્યેક્ષ અને ચરિર્તા કરે છે. જ્યારે દરેક દેશના ઈતિહાસના જુદા જુદા પાસાઓનો અભ્યાસ કરવો હોય તા વહીવટને સુદ્રઢ અને મજબૂત બનાવવો હોય ત્યારે અભિલેખાગારમાં રહેલા દસ્તાવેજોમાં સંગ્રહિત લખાણોનો આધાર ખૂબજ મહત્વપૂર્ણ બની જતો હોય છે અને સંશોધનકારો માટે તે અહમ બને છે.

ભૌગોલીક તથા સાંસ્કૃતિક વિવિધતા ધરાવતા દેશો માટે સંશોધન ખૂબજ ખર્ચાળ હોય છે ત્યારે આવા સમયમાં સંશોધકો માટે દસ્તાવેજો શોધવા એ ખૂબજ મુશ્કેલ અને જટીલ કાર્ય બની ગયું છે. આ સમયે સંશોધનકારો માટે




અભિલેખાગારમાં સંગ્રહીત મહત્વપૂર્ણ દસ્તાવેજો તેમનો સમય બચાવે છે. આમ અભિલેખાગારની ઉપયોગીતા અને અગત્યતા ઘણી મહત્વની છે. અભિલેખાગાર કચેરીને પહેલા પશ્ચિમ વર્તુળ અભિલેખાગાર કચેરી તરીકે નામના પ્રાપ્ત કરેલી હતી. રાજકીય એજન્સી માટેનો રેકોર્ડ સંગ્રહાયેલુ હતું. ભારત દેશને આઝાદી મળતાની સાથે જ આ કચેરીની સૌરાષ્ટ્ર રાજ્યના જ્યુડીશ્યલ ખાતાની અંદર સમાવવામાં આવી હતી.

૨૦૧૭થી ખાલી પડેલી અભિલેખાગાર કચેરીની જગ્યા ભરવા માટે અનેકવિધ દરખાસ્તો કરવામાં આવી છે. પરંતુ તેનો કોઈ નકકર જવાબ હજુ સુધી મળવા પાત્ર રહ્યો નથી. ભૂતકાળમાં પણ વર્ગ-૨થી વર્ગ-૪ સુધી કુલ ૨૫ લોકો કાર્યરત રહેતા પરંતુ જેમ જેમ સમય પસાર થતાં સરકાર દ્વારા મહેકમ ઘટાડવામાં આવ્યું હતું. ત્યારે પ્રશ્ન એ પણ ઉદ્ભવીત થાય છે કે, આટલા મહત્વપૂર્ણ રેકોર્ડની સાર સંભાળ લેવા માટે માત્ર ૪ જ અધિકારીઓ ઉપર અભિલેખાગાર કચેરી કઈ રીતે કાર્યરત થઈ શકે.સરકાર શુંકામ અભિલેખાગાર કચેરી માટે ભેદી મૌન સેવી રહ્યું છે એ પણ એક મુખ્ય પ્રશ્ન ઉદ્ભવીત થયો છે.

અભિલેખાગાર કચેરીમાં સંગહાયેલા તમામ રેકોર્ડની જાળવણી અને સાચવતી વૈજ્ઞાનિક ધોરણે કરવામાં આવી રહી છે. આ કચેરીમાં જૂના દસ્તાવેજો, પુસ્તકો, ગેજેટના અહેવાલોની મરામત તેમજ જાળવણી અંગેની કામગીરી બાઈન્ડીંગ વિભાગ દ્વારા કરવામાં આવે છે. સૂચવેલા તમામ ખાતા પૈકીના દફતરોમાંથી સરકાર દ્વારા દાખલા શોધી નકલો આપવા માટે નીચે મુજબનું જરૂરી રેકોર્ડ સંગ્રહાલયેલા છે. જેમાં લેખ વહીઓ, દસ્તાવેજો, જમીન વેંચાણ, ગીરો વિગેરે અંગેના કાગળો, જન્મ-મરણના રજીસ્ટરો વગેરેની માંગણી મુજબની નકલો સરકારના નિયમોનુસાર ફી વસુલી કામગીરી હાથ ધરવામાં આવે છે. પરંતુ રાજકોટ અભિલેખાગાર કચેરી વિશે જો વાત કરવામાં આવે તો પડતર અરજીઓને લઈ અરજદારો અનેકવિધ સવાલો કચેરીમાં કામગીરી કરતા અધિકારીઓ ઉપર ઠીકળુ ભાંગે છે અને તેમને નબળી કામગીરી બદલ જવાબદાર પણ માને છે. ત્યારે સરકાર રાજકોટની અભિલેખાગાર કચેરીને નજીકના સમયમાં જો પુરતો સ્ટાફ આપે તો અરજદારોની પડતર અરજીઓનો પણ નિકાલ થઈ શકશે અને તેમને પડતી મુશ્કેલી અને હાલાકી પણ દૂર થશે. ત્યારે જોવાનું એ રહ્યું કે, આ મુદ્દે સરકાર તેનું ભેદી મૌન કયારે છોડે છે.મહત્વનું એ છે કે સરકાર આ અંગે જો ગંભીરતાપૂર્વક વિચાર કરશે તો જ સત્ય હકીકત બહાર આવશે કારણ કે આ સમગ્ર કોભાંડના મૂળ સુધી પહોંચવું હોય તો યોગ્ય પગલા લેવા ખૂબ જરૂરી અને આવશ્યક છે જેને લઈને હાલ રેવન્યુ વિભાગ અને પોલીસ વિભાગ સજ્જ.

### રજીસ્ટ્રાર કચેરીનાં કરાર આધારીત કર્મચારીઓ તથા અભિલેખાગાર કચેરીના અધિકારીઓ પણ સાણસામા

રાજકોટથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. વાસ્તવમાં રાજકોટ સબ રજીસ્ટ્રાર કચેરીમાં બોગસ દસ્તાવેજ કૌભાંડની આશંકા સેવાઈ રહી છે. આ તરફ હવે આશંકાને આધારે રજીસ્ટ્રાર કચેરીએ પ્રદ્યુમ્નનગર પોલીસને જાણ કરી છે. જેને લઈ ખાનગી ફ્લેટના ૯માં માળે આવેલા ફ્લેટમાં પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી હતી. આ સાથે એવું પણ સામે આવ્યું છે કે, આ ખાનગી ફ્લેટના ૯માં મળે કરવામાં આવેલ તપાસમાં અનેક શંકાસ્પદ દસ્તાવેજ મળ્યા છે. આ તરફ હવે રજીસ્ટ્રાર કચેરીના કરાર આધારીત કર્મચારીની સંડોવણીની પણ આશંકા છે.

### ૧૭૦૦ અરજીઓ હજુ પણ પેન્ડિંગ

રાજકોટ અભિલેખાગાર કચેરી છેલ્લા ઘણા સમયથી કાર્ય કરી રહી છે પરંતુ મહત્વનું એ છે કે અહીં વિવિધ લેખો માટે આવતી અરજીઓની સંખ્યા દિન પ્રતિદિન વધતી જાય છે પરંતુ હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લઈ અત્યારે ૧૭૦૦ જેટલી અરજીઓ હજુ પણ પેન્ડિંગ પડેલી છે આ માટે આ કચેરીમાં વધુ સ્ટાફ આવે તે માટે અનેક દરખાસ્ત અને રજૂઆત રાજ્ય સરકારમાં કરવામાં આવી પરંતુ અત્યારે માત્ર કુલ ચાર કર્મચારીઓથી સમગ્ર કચેરી ચાલે છે જે ખરા અર્થમાં જોખમી પણ છે ત્યારે આ અંગે સરકારે ગંભીરતાપૂર્વક વિચાર કરવો ખૂબ જરૂરી છે.

### તપાસ રેલો ગાંધીનગર સુધી પહોંચ્યો

બોગસ દસ્તાવેજ કૌભાંડનો રેલો ગાંધીનગર સુધી પહોંચ્યો છે અભિલેખાગાર કચેરીના અધિક્ષક એવા ભુરજી ડામોરને હાલ ગાંધીનગર તપાસ સાથે બોલાવવામાં આવ્યા છે ત્યારે તમામ સાહિત્ય સાથે તેઓ ગાંધીનગર પહોંચ્યા હોવાનું હાલ સૂત્ર જણાવ્યું છે હવે આ તપાસમાં આગળ શું પરિણામો આવશે તે તો આવનારો સમય જણાવશે પરંતુ એવા સ્પષ્ટ થઈ ચૂકી છે કે સમગ્ર રાજ્યમાં રાજકોટની છબી તો ખરડાઈ છે એટલું જ નહીં હાલ જ અભિલેખાગાર કચેરીનું નામ સામે આવ્યું છે તેને લઈને એક નહીં અનેકવિધ નવી વાતો અને રહસ્યો સામે આવે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

# બોગસ દસ્તાવેજ પ્રકરણની તપાસ ચાંદની પરમારને સુપ્રત

## ગામ નમુના નંબર બે અને સાતમા જો નોંધ ખોટી અથવા બોગસ જણાય તો તેને રદ કરવા કલેકટરે કર્યો આદેશ

રાજકોટ, તા. ૧૬

સમગ્ર રાજ્યમાં રાજકોટ હાલ અત્યંત ચર્ચામાં રહેતું શહેર બની ગયું છે હમણાં થોડા દિવસો પહેલા જ બોગસ દસ્તાવેજ કૌભાંડ રાજકોટ માટે સંસાર ઘટના બની છે ત્યારે બોગસ દસ્તાવેજ કૌભાંડમાં રાજકોટ જિલ્લા કલેકટર દ્વારા સીટી પ્લાન્ટ અધિકારી ચાંદની પરમારને સમગ્ર તપાસ સોંપવા માટે જણાવ્યું છે અને એટલું જ નહીં ખોટી નોંધ પડી હોય તેને રદ કરવા માટે રિપોર્ટ કરવાનો પણ આદેશ કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ ઝોન એકની સબ રજીસ્ટાર કચેરીમાં વર્ષ ૧૯૫૦ થી ૧૯૭૨ સુધીમાં કુલ ૧૭ દસ્તાવેજો સાથે ચેડા થયા હોવાનું માલુમ પડ્યું હતું અને તે કૌભાંડ બહાર આવતાં જ જોને એકના સબ રજીસ્ટર કચેરીના અધિકારી અતુલ દેસાઈ દ્વારા આ મામલે પોલીસ ફરિયાદ કરતા કચેરીના સુપરવાઇઝર હર્ષ સોની કોમ્પ્યુટર ઓપરેટર જયદીપ ચાવડા અને એડવોકેટ કિશન ચાવડા સામે ગુનો દાખલ કરી પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

બીજી તરફ રાજકોટ અભિલેખાગાર કચેરી ના ૨૦૧૨ માં નિવૃત્ત થયેલ કર્મચારી ની પણ સંડોવણી ખુલી છે એટલું જ નહીં કર્મચારીની ધરપકડ થઈ નથી બીજી તરફ રાજકોટ અભિલેખાગાર કચેરીના અધિક્ષક એવા ભુરજી ડામોર ને ગાંધીનગર ખાતે તપાસ અર્થે બોલાવવામાં આવ્યા છે ત્યારે રેવન્યુ વિભાગને અને રાજ્ય સરકારને એ વાતનો અંદાજ છે કે હાલ આગામી દિવસોમાં આ અંગે અનેક રહસ્યમય વાતો ઉજાગર થશે તેમાં કોઈ શંકાને સ્થાન



નથી. રાજ્ય સરકાર અને જિલ્લા કલેકટર ના આદેશ બાદ સૌરાષ્ટ્રમાં અત્યંત ચર્ચાયેલા આ કૌભાંડમાં મૂળ આરોપી સુધી પહોંચવા પોલીસે કવાયત હાથ ધરી છે સાચો સાથ જિલ્લા કલેકટર પણ એક્શન મોડમાં આવી ગયા છે અને પરિણામ સ્વરૂપે આ સમગ્ર પ્રકરણની તપાસ વર્ગ એકના અધિકારી સીટી પ્રાંત ચાંદની પરમારને સોંપવામાં આવી છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ બોગસ દસ્તાવેજ કૌભાંડમાં ગામ નમુના નંબર બે અને સાતમાં જો ખોટી નોંધ પડી હોય તો તેની તપાસ કરવા અને ખોટી નોંધ જ્યાં દેખાય તો તેને રદ કરી રિપોર્ટ કરવા કલેકટર દ્વારા આદેશ આપવામાં આવ્યો છે. ત્યારે પ્રાંત અધિકારી ચાંદની પરમાર સહિત મામલતદાર અને મહેસુલ અધિકારીઓ દ્વારા તપાસનો દોર હાથ ધરવામાં આવ્યો છે. આ કેસમાં પ્રાંત અધિકારી જે પ્રકરણમાં વિગતો આવી હશે તેને મુકશે બીજી તરફ મળતી માહિતી મુજબ ૧૭ દસ્તાવેજો સાથે કુલ છેડછેડા થતા કોભાંડ સામે આવ્યું હતું બાદ રાજકોટ દક્ષિણ મામલતદાર કચેરીના જેવો પાસે જે ચાર છે તેવા પૂર્વ વિભાગના મામલતદાર ચાવડા દ્વારા આવી જ વધુ એક ફરિયાદ પોલીસમાં દાખલ કરવામાં આવી હોવાની ચોક આવનારી વિગતો બહાર આવી છે.

રાજકોટ અભિલેખાગાર કચેરીના દસ્તાવેજોમાં છેડછાડ કરવા બદલ બે સામે ફરિયાદ દાખલ કરવામાં આવેલી છે એટલું જ નહીં દસ્તાવેજ કૌભાંડના મામલે તમામ ઝોનના સબ રજીસ્ટર કચેરીમાં મહેસુલી અધિકારીઓએ જુના દસ્તાવેજોની તપાસ શરૂ કરી દીધી હોવાનું પણ હાલ સુત્રો જણાવી રહ્યા છે.

### રેવન્યુ અધિકારીનો કાફલો તમામ સબ રજીસ્ટર કચેરીમાં

મળતી માહિતી મુજબ બોગસ દસ્તાવેજ કૌભાંડમાં કલેકટરે તપાસના આદેશ કર્યા છે એટલું જ નહીં રેવન્યુ વિભાગના તમામ અધિકારીઓ હાલ શહેરની ચાર સબ રજીસ્ટર કચેરીમાં તપાસ શરૂ કરી દીધું હોવાને વિગતો બહાર આવી રહી છે.. આ તમામ અધિકારીઓ દ્વારા દસ્તાવેજોની ઝીણવડ ભરી તપાસ શરૂ કરવામાં આવી છે તેમજ આ કૌભાંડના આંકડા મેળવવાની કામગીરી પણ હાથ ધરવામાં આવેલી છે.

### દૂષણને ડામવા સરકાર દર વર્ષે લોકદરબારો યોજે છે, અનેક ચામડાતોડને જેલભેગા કરે છે...છતાં હાલત હતી એવી ને એવી

# વ્યાજખોરીના ભરડામાં ફસાયેલા કોલસાના વેપારીએ ફિનાઈલ પીધું

ઓગણત્રીસ વર્ષના વાંકાનેરના યુવાનને સારવાર માટે રાજકોટ ખસેડાયોઃ ૨૫ ટકા લેખે બે શખ્સે વ્યાજે આપી ઘણા વસુલ્યા છતાં ત્રાસઃ ગામ મુકવું પડ્યું હતુંઃ હજુ ધમકીઓ મળતાં અંતે છેલ્લુ પગલુ ભર્યું

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૬**

વ્યાજંકવાદમાં ફસાયેલા અનેક લોકો અત્યાર સુધીમાં આપઘાત કરી ચુક્યા છે, તો અમુકે મરી જવાનો પ્રયાસ કર્યો હતો. વ્યાજખોરીમાં ફસાઇ જનારા લોકોને પોલીસ કાયદાની રૂએ રક્ષણ આપે છે. વ્યાજખોરો સામે પોલીસ કડક કાર્યવાહી પણ કરે છે. આ દૂષણને ડામવા દર વર્ષે ગૃહમંત્રીની સીધી દેખરેખ હેઠળ પોલીસ લોકદરબારો યોજે છે અને ધડાધડ ગુના દાખલ કરી વ્યાજખોરોને જેલભેગા કરે છે. પરંતુ આ દૂષણ કાયમને માટે દૂર થતું નથી એ ચિંતાજનક છે. વધુ એક આવો બનાવ સામે આવ્યો છે જેમાં વાંકાનેર ચાવડી ચોકમાં બહુચરાજી શેરીમાં રહેતાં અને કોલસાનો વેપાર કરી ગુજરાન ચલાવતાં ઓગણત્રીસ વર્ષના યશ પ્રફુલચંદ્ર ભાવસાર નામના યુવાને વ્યાજખોરોથી કંટાળી આપઘાતનો પ્રયાસ કરતાં વાંકાનેર









સારવાર અપાવી રાજકોટની પીડીયુ સિવિલ હોસ્પિટલમાં વધુ સારવાર માટે દાખલ કરવામાં આવ્યો છે. તેણે સ્યુસાઇડ નોટમાં લખ્યું હતું કે મને ષડયંત્રમાં ફસાવ્યો છે, હવે સહન નથી થતું, મારી પાસે કોઇ રસ્તો નથી, મને માફ કરો!

યશ ભાવસારે વાંકાનેરમાં ફિનાઇલ ગટગટાવીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યશ એક બહેનથી મોટો છે અને કુંવારો છે. તેના પિતા હયાત ન હોઇ તે વિધવા માતાનો એકનો એક આધારસ્તંભ છે. તેણે આપઘાતના પ્રયાસ પુર્વે સ્યુસાઇડ નોટ લખી છે. તેમાં લખ્યું છે કે-હું યશ ભાવસાર આ છેલ્લા શબ્દો મારા પરિવાર અને સમાજને જણાવુ છું. હું માનસિક ત્રાસથી નીકળી રહ્યો છું, મારા ભોળપણને કારણે અને એકલો હોવાના કારણે મને એક ષડયંત્રમાં ફસાવ્યો છે. હવે પરિસ્થિતિ એવી છે કે મારા કારણે મારા પરિવારને તકલીફ ભોગવવી પડે તેમ હતી.

આજથી મહિના પહેલા પણ હું ઘર મુકીને નીકળી ગયો હતો. હું વ્યાજના ચક્રમાં સલવાયો છું. આજથી બે પોણાબે વર્ષ પહેલા મારા સગા મારફત જ મેં વ્યાજે પૈસા લીધા હતાં. મેં સતત વ્યાજ ભર્યુ હતું. આ કારણે હું ફસાઇ ગયો હતો અને એક મહિના પહેલા પણ હું ત્રાસને કારણે ઘરેથી નીકળી ગયો હતો. મારી પાસે ઘણા કાગળોમાં સહીઓ કરાવી લીધી હતી. રેવન્યુ સ્ટેમ્પ પર સહીઓ કરાવી હતી. મારા નામે લોન લેવાની છે તેમ કહી કોરા ચેક પર સહીઓ લીધી હતી. મને પહેલીવાર દર મહિને ૨૫ ટકા લેખે વ્યાજે રૂપિયા આપ્યા હતાં. પછી ઉઘરાણી માટે ફોન ચાલુ કર્યા હતાં. રૂબરૂ બોલાવી વ્યાજ માંગી ગાળો દેતાં પછી મજાક મસ્તી કરતાં અને હું વ્યાજ ઓછુ કરવાનું કહું તો પચ્ચીસમાંથી વીસ ટકા કરી દેતાં હતાં. મને બ્લેકમેઇલ કરવા માંડ્યા હતાં.

રાજકોટ હોસ્પિટલના બિછાને પહોંચેલા યુવાન યશે સ્યુસાઇડ નોટમાં આગળ લખ્યું છે કે મારા ગયા પછી પણ મારા પરિવારને વ્યાજખોરોએ ત્રાસ આપ્યો હતો. ઘરે આવીને કહેતાં કે હવે તારા છોકરાને દારૂના કેસમાં ફસાવી દેવો છે, અમારે હવે પૈસા નથી જોઇતા પણ તમારા દિકરાના લગ્ન નહિ થવા દઇએ. હવે મારી પાસે આત્મહત્યા કરવા સિવાય કોઇ રસ્તો બાકી રહ્યો નથી. આ લોકોએ સમાજમાં મારા કુટુંબીઓને ફોન કરીને પણ મારા વિશે ખોટી વાતો ફેલાવી દીધી હતી. છેલ્લે તો મારા માતા વિશે પણ ખરાબ વાતો કરવા લાગ્યા હતાં. મારી માતા વ્યાજની સામે દિકરીને લઇ જવાનું કહે છે તેવી ખોટી વાતો આ લોકોએ ફેલાવી દીધી હતી.

તેણે ચિઠ્ઠીમાં આગળ લખ્યું છે કે છેલ્લે એટલુ જ કહીશ કે જો ન્યાયપુર્વક તપાસ કરવામાં આવશે તો સંપુર્ણ સત્ય બહાર આવશે. માફ કરજો, આ છેલ્લો રસ્તો છે, હવે મારી ક્ષમતા નથી. મને શાંતિ આપો. ચિઠ્ઠીમાં યશે બે લોકોના નામ પણ લખ્યા છે. સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી. સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ જુણાચ, ભાવેશભાઇ મકવાણા, ધર્મેન્દ્રભાઇ હુદડે જાણ કરતાં વાંકાનેર સીટી પોલીસે તપાસ શરૂ કરી છે. આ બનાવમાં જે આક્ષેપો થયા છે તેમાં કેટલુ તથ્ય છે? ખરેખર યુવાને કેટલાક રૂપિયા વ્યાજે લીધા હતાં? કેટલા ચુકવ્યા? તે અંગે ચિઠ્ઠીમાં ઉલ્લેખ ન હોઇ પોલીસે તપાસ આગળ વધારી છે.